Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.

આત્મ સં. ૫૪

અંક ૮ મો. તા. ૧૪-૩-૫૦ ફાલ્ગુન



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી પાર્શ્વનાથ ભગવંતનું સ્તવન ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૧૪૫
૨ દેવગિરિ ( ઐતિહાસિક લેખ તથા તેનો સુધારો ... ... " ૧૪૬
૩ તત્તાવબોધ ... ... ... ... ...( લે આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૧૫૦
૪ મીજમાનઓ હમેશા ( કવિતા ) ... ... ... ( વૈરાટી મૂળચંદ આશારામ ઝવેરી ) ૧૫૪
૫ અપરનામક જૈન ગ્રન્થકારો ... ...( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. ) ૧૫૫
૬ જૈન સાહિત્ય ગ્રંથોના પ્રકાશકો અને સંપાદકો કેવા હોવા જોઇએ ? ( ડાહ્યાલાલ ક. ત્રિવેદી ) ૧૫૮
૭ અમારા પ્રકાશીત ગ્રંથો અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટે અભિપ્રાયો.
મુનિ. શ્રી જમ્બૂવિજયજી મ. મણિલાલ વનમાળીદાસ બી. એ. વગેરે ૧૬૦
૮ શ્રી નયચક્રસાર ગ્રંથની પ્રેસ કોપીની પરિ સમાપ્તિ અને તેનું કરવામાં આવેલું બહુમાન. ૧૬૧


## આ માસમાં થયેલા માનવંતા પેટ્રન અને લાઇફ મેમ્બરો.

૧ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી પેટ્રન સાહેબ
૨ શાહ જગજીવનદાસ ચત્રભુજ લાઇફ મેમ્બર
૩ મહેતા હિંમતલાલ ભગવાનજી "
૪ શેઠાણી માણેકબાઇ જૈન બ્હેનોનો ઉપાશ્રય "
૫ મહેતા તારાચંદ પ્રેમજી "
૬ શાહ છોટાલાલ વેલશીભાઇ "
૭ દોશી કસ્તુલાલ નહાલચંદ લાઈફ મેમ્બર
૮ શાહ મણીલાલ ઝવેચંદ "
૯ શ્રી વડવા જૈન જ્ઞાન ભંડાર
હા: શેઠ ખીમચંદ ફુલચંદ "
૧૦ માસ્તર સૌભાગ્યચંદ જીવણલાલ લા. મે

## જૈન સસ્તું સાસિત્ય અને ઇનામી નિબંધ સંબંધી

આ સભા તરફથી ગતિમાન થયેલ ( અનેકાન્તવાદ ધર્મ વિષય લખવા માટેની ) ઇનામી નિંબંધની યોજના અને તેજ રીતે દર વર્ષે જૈન સસ્તું સાહિત્ય પ્રકાશનના શરૂ કરેલ કાર્ય માટે વિદ્વાનો તરફથી આવકારદાયક પ્રશંસાના તેમજ સહકારના પત્રો ઘણા મળ્યા હતાં. આ જૈન ધર્મનો મહાન અખંડ સિદ્ધાંત ( અનેકાન્તવાદ ધર્મ ) ઉપર નિબંધ લખવા કરેલ સુચનાથી આવી ગયેલ જુદી જુદી વ્યક્તિઓના તે નિબંધનો નિર્ણય કરવા માટે નિમાયેલ કમિટીનો તપાસ પુરી થઇ છે. તેનું ભાષાંતર બાકી રહેલી ભાષામાં થાય છે, શ્રેષ્ઠ નિબંધ લખનાર મહાશયનું નામ હવે પછી જાહેર કરવામાં આવશે. હવે પછી બીજો કયો નિબંધ વિષય નક્કી કરવો તે ટ્રસ્ટી સાહેબો અને કમીટી વિચારી રહેલ છે તે નિર્ણય થયે થોડા વખતમાં જ પેપરો દ્વારા જાહેર કરવામાં આવશે.

## અમારા માનવંતા લાઇફ મેમ્બરો નમ્ર સુચના.

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી દમયંતી ચરિત્ર સચિત્ર, ૨ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો, ૩ શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો અને જૈનમતનું સંક્ષિપ્ત સ્વરૂપ એ રીતે ચાર ગ્રંથો રૂા. ૧૩-૮-૦ ની કિંમતના ( જેમાં બીજા અને ત્રીજા નંબરના ગ્રંથોનું બાઈંડીંગ થાય છે, જે વૈશાક માસ સુધીમાં ) તૈયાર થઇ ગયે પોસ્ટે જ પૂરતા પૈસાથી વી.પી. કરી ભેટ મોકલવામાં આવશે.

**બીજા વર્ગના લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.** ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

473

નવા માનવંતા પેટ્રન સાહેબ,



શેઠ નગીનદાસ કરમચંદ—પાટણ ( ગુજરાત ).

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ નગીનદાસભાઈ કરમચંદનો જીવન પરિચય.

પાટણ એ ઇતિહાસપ્રસિદ્ધ ગુજરાતનું પરંપરાથી પાટનગર છે. જૈન-દર્શનના વિશાળ સુંદર જિનમંદિરો, પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત વિવિધ જૈન-સાહિત્યના પ્રાચીન જ્ઞાનભંડારો, અનેક વિદ્વાન આચાર્યદેવો અને મુનિપુંગવોથી વારંવાર થતાં ચરણસ્પર્શથી તે જૈનપુરી કહેવાય છે. વળી તેના ઉપર યવનોના અનેક આક્રમણો થયા છતાં જે પોતાની સંસ્કૃતિ સાચવી શક્યું છે, અને ભૂતકાળના સરસ્વતી-લક્ષ્મીના ઉપાસકો, દાનવીરો, શૂરવીરો અને ધર્મ-વીરોની ભૂમિ તરીકે જેની ગણુના થાય છે, ત્યાં પરંપરાએ કરી વર્તમાનકાળમાં પણ જૈન સંસ્કારી અનેક કુટુંબો વસે છે, તેવા એક ધર્મપ્રેમી કુટુંબમાં, જેમનું જીવન અનુકરણીય, સખાવતી અને ધર્મીપુરુષ તરીકે ગણાય છે તે શેઠ નગીનદાસભાઇનો સં. ૧૯૩૬ ના આશો શુદિ પંચમીના રોજ પિતાશ્રી શેઠ કરમચંદ અને માતુશ્રી દિવાળીબાઈની કુક્ષિએ જન્મ થયો હતો. પૂર્વના પૂણ્યોદયે જૈન સંસ્કાર, વ્યાપાર, લક્ષ્મી અને કુશાગ્ર બુદ્ધિ વારસામાં સાંપડેલ હોવાથી લઘુવયમાં સામાન્ય કેળવણી લઈ, સં. ૧૯૫૫ની સાલમાં મુંબઈ વ્યાપારાર્થે ગયા અને ત્યાં ધર્મી પુરુષ શેઠ હાલાભાઈ મગનચંદની સલાહવડે વ્યાપારમાં આગળ વધતાં લક્ષ્મી, ધર્મભાવના વધતાં ત્યાંના વ્યાપારી વર્ગમાં સારી ખ્યાતિ મેળવી. વ્યાપારીપ્રવૃત્તિ વધતી જવા છતાં ધર્મશ્રદ્ધા વારસામાં ઉતરેલી હોવાથી આવશ્યક ક્રિયા, દેવ, ગુરુભક્તિ, ગુરુમુખ-શાસ્ત્રશ્રવણ વગેરેનો નિત્ય વ્યવસાય પણ સાથે ચાલુ જ હતો. વિદ્વાન મુનિમહારાજોની ભક્તિ, પરિચય અને શાસ્ત્રશ્રવણવડે મળેલી સુકૃત લક્ષ્મીનો સદ્‌વ્યય કરી આત્મકલ્યાણ સાધવાની ભાવના જાગ્રત થઇ. પ્રથમ સં. ૧૯૬૯ માં શ્રી સિદ્ધગિરિ તીર્થમાં ચાતુર્માસ કર્યું. સં. ૧૯૭૩ માં કુટુંબીઓસહ વિધિવિધાનપૂર્વક નવાણું યાત્રા કરી, શ્રી તળાજા તીર્થનો સંઘ કાઢ્યો હતો, અને સંવત ૧૯૭૭ ની સાલમાં કેસરીયાજી, રાણકપુર વગેરે તીર્થોમાં પણ તે જ રીતે ભાવનાપૂર્વક યાત્રા કરી હતી. સં. ૧૯૮૨ ની સાલમાં પાટણમાં શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની નિશ્રામાં ઉજમણું, મહાસ્નાત્ર વગેરેથી શાસનની પ્રભાવના કરી ઉદારચિત્તે ધન વાપર્યું હતું. ઉક્ત આચાર્ય મહારાજ તેમજ શ્રી જિનભદ્રવિજયજી આચાર્યશ્રીના ઉપદેશથી સં. ૧૯૮૩ ના માગશર વદિ ૧૩ ના રોજ **શ્રી ગિરનારજી તીર્થ**નો સંઘ, તીર્થ ઉપરીયાળા, ધ્રાંગધ્રા, હળવદ શ્રી કચ્છ ભદ્રેસર તીર્થ, મોરબી, જામનગર, ગોંડલ વગેરે સ્થળોએ પ્રયાણ કર્યું હતું. જેમાં આચાર્યદેવો, સાધુ-સાધ્વી સુમારે ૫૦૦ અને પંદરશે‌ંહથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બે હજાર શ્રાવક–શ્રાવિકા હતા. દરેક સ્થળોએ શેઠશ્રી નગીનદાસભાઈ અને સાથેનો સંઘ અનેક રીતે સત્કાર પામતો, શાસન પ્રભાવના કરતો, અનેક સ્થળોએ ઉચિત સખાવતો કરતો, શ્રી રૈવતગિરિ સંઘ વૈશાક વદિ ૧૩ ના રોજ પહોંચતાં રાજ્યની રિયાસત સાથે સામૈયું કરવામાં આવ્યું હતું, શેઠ નગીનદાસભાઇના આ જન્મનો તે એક અનેરો લ્હાવો, આનંદ હતો. રસ્તામાં આવતા કેટલાક રાજ્યો તરફથી જીવદયાના કાયમના ફરમાનો પણ આ સંઘના આવાગમનથી પ્રગટ થયા હતા. આ ધર્મપ્રભાવના પ્રસંગના વર્ણનની કચ્છ–ગિરનારની મહાયાત્રા નામે એક બુક પ્રકટ થઈ છે, તેમાં વિશેષ છે.

**જ્ઞાનભક્તિ** ઉપર પણ શેઠ સાહેબને પ્રેમ હોવાથી સં. ૧૯૯૨ ની સાલમાં કેશરબાઈ જ્ઞાનમંદિરની અને શ્રાવિકા બ્હેનોનું ભાવિ સુધારણા અર્થે સં. ૧૯૭૪ની સાલમાં માતુશ્રી દિવાળીબાઈના સ્મરણનિમિત્તે શિક્ષણ સાથે ઉદ્યોગશાળાની સ્થાપના કરી, ભાઈ મણિલાલ તરફથી એક મકાન અર્પણ કર્યું હતું. આ સિવાય તે શહેરમાં પાંજરાપોળ, ભોજનશાળા, સંકટનિવારણ ફંડ, શ્રી હેમચંદ્ર લાઇબ્રેરી વગેરે ધાર્મિક અને સાર્વજનિક ખાતાઓની સેવા કરવા સાથે સુકૃતની લક્ષ્મીનો વ્યય કર્યો હતો. મુંબઈ અંધેરીમાં પૂજ્ય પિતાશ્રીના સ્મરણાર્થે કરમચંદ હોલ (નિરંતર ધાર્મિક અનુષ્ઠાનો થવા માટે) બંધાવ્યો હતો. સં. ૧૯૯૭–૯૮ માં આચાર્યશ્રી પ્રેમસૂરિજી, વગેરે મુનિપુંગવોની નિશ્રામાં ઉપધાન તપનું ૧૧૦૦ જૈન બંધુઓ સાથે વહન કરી લાભ લીધો હતો. માતુશ્રીના સ્મરણનિમિત્તે એક ઉદ્યોગશાળા ખોલેલી તેમાં રૂા. પચાસ હજારની રકમવડે કુટુંબીઓની પ્રેરણાથી વગેરેથી એક વિશાળ મકાન તૈયાર કરી અર્પણ કર્યું હતું.

તીર્થયાત્રા, દેવ, ગુરુ, જ્ઞાનભક્તિ, શાસનપ્રભાવના, જીવદયા, રાહતકાર્યો વગેરે જીવનમાં અનેક કાર્ય કર્યા હતા, જેમાં ભાવનાપૂર્વક છૂટે હાથે દ્રવ્યનો વ્યય કરી મનુષ્યજન્મનું સાર્થક કર્યું છે, કરે છે. શ્રાવકોચિત આવશ્યક ક્રિયા, દેવપૂજા, ગુરુભક્તિ એ નિરંતરની પ્રવૃત્તિ પણ ચાલુ જ છે.

આવા પુણ્યપ્રભાવક, પરમશ્રદ્ધાળુ, સખાવતી જૈન નરરત્ન પુરુષે આ સભાની કાર્યવાહી જોઈ, પેટ્રનપદ સ્વીકારવાથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને પુણ્યવંત પુરુષોની પેટ્રન–મુરબ્બીપદની વૃદ્ધિ થતાં તેઓશ્રીનો આભાર માનીયે છીયે, અને અમારો આનંદ પણ સાથે વ્યક્ત કરીયે છીયે. તેઓશ્રી દીર્ઘાયુ થઈ શારીરિક, આર્થિક, આધ્યાત્મિક લક્ષ્મી વિશેષ વિશેષ મેળવી ઉદારતાપૂર્વક અનેક રીતે ધર્મપ્રભાવના કરવા ભાગ્યશાળી થાય તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આમંત્રણ પત્રિકા

## પરમપૂજ્ય ગુરૂદેવ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની (જન્મ) જયન્તી મહોત્સવ.

પરમપૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયન્તી મહોત્સવ શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ચૈત્ર શુદી ૧ તા. ૧૯–૩–૫૦ રવીવારનાં રોજ રાંધનપુર નિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મૂળજી તરફથી મળેલી આર્થિક સહાયવડે આ સભા તરફથી ઉજવવાનો હોવાથી દર વર્ષ મુજબ શ્રી સિદ્ધાચલજી ઉપર સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં પૂજ્ય ગુરૂદેવની મૂર્તિ બિરાજમાન છે, તે સ્થળે શ્રી આદિનાથ પ્રભુ વિગેરે પરમાત્માની પૂજા ભણાવવા તથા તીર્થયાત્રા સાથે દેવ ગુરૂ ભક્તિ કરવામાં આવશે અને બપોરના ત્રણ વાગે સભાસદ બંધુઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવશે. ફાગણ વદી અમાસ શનીવારના રોજ બપોરની ટ્રેનમાં પાલીતાણા જવાનું છે, જેથી આપ સર્વ સભાસદ બંધુઓને પધારવા આમંત્રણ છે.

લી. સેવકો

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ
શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ
શેઠ જાદવજી ઝવેરભાઈ

સેક્રેટરીઓ:– શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

સાધના મુદ્રણાલય–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૬. | ફાગણ | પુસ્તક ૪૭ મું. |
| વિક્રમ સં. ૨૦૦૬. | :: તા. ૧૪ મી માર્ચ ૧૯૫૦ :: | અંક ૮ મો. |

## श्री पार्श्वनाथ जिनेश्वर स्तवन.

( ચાલ—કભી યાદ કરકે, ગલી પાર કરકે...)

પાસ જિનવરકે, ગુણ ગાઉં હરખે,
પ્રભુ સ્વીકારો મેરી વંદના, પ્રભુ સ્વીકારો મેરી વંદના.
કર જોડ કરકે, નમું નેહ ધરકે;
પ્રભુ સ્વીકારો મેરી વંદના, પ્રભુ સ્વીકારો મેરી વંદના૦ ૧

સાહિબ મેરા, શ્રી પાર્શ્વ જિણંદા,
અશ્વસેન વામા દેવીકે નંદા, શ્રી પાર્શ્વજિણંદા;
તેરા પૂજન કરકે, મેરા મન હરખે. પ્રભુ સ્વીકારો૦ ૨

મુક્તિ નિકેતન, કેવલ દાયક,
મેરે અંતર કે તિમિર હારક, કેવલ દાયક.
આત્મજ્યોતિ જગાકે, ધ્યાવું ધ્યાન લગાકે. પ્રભુ સ્વીકારો૦ ૩

અગ્નિ જલંતા નાગ બચાયા,
મંત્ર સુનાકે ઈંદ્ર બનાયા, નાગ બચાયા;
કરો દુઃખ હરકે, સુખ શિવપુરકે. પ્રભુ સ્વીકારો૦ ૪

જંબૂ કહે સ્વામી સેવકકો તારો,
ભવસાગર તારી પાર ઉતારો, સેવકકો તારો;
કર જોડ કરકે, કહું પાય પરકે. પ્રભુ સ્વીકારો૦ ૫

—મુનિરાજ શ્રી જંબૂવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવગિરિ

## દેવગિરિની નગરરચના અને ગઢ.


( ગતાંક પૃ૪ ૧૨૫ થી શરૂ )

દેવગિરિનો ગઢ( કિલ્લો ) ખાસ જોવાલાયક ગણાય છે. આજે પણ હમેશાં ત્યાં અનેક મુલાકાતીઓ જોવા આવે છે. ગઢ જોતાં એમ સહેજે જણાય છે કે જો એમાં પૂરેપૂરી અન્ન-પાન–શસ્ત્રાદિની સામગ્રીનો સંચય હોય તો તાકાત નથી કે કોઇ શત્રુ ત્યાં સહેલાઇથી ફાવી જાય. ૬૦૦ ફુટની ઉંચી ટેકરીની જમીન તળિયા પાસેનો ચારે બાજુનો ભાગ લગભગ સો સો બસો બસો ફુટની ઊંચાઇ સુધી સરખો કરી નાખીને એક દિવાલ જેવો જ બનાવી દીધો છે કે જેથી કોઇ તેના ઉપર ચડી ન શકે. ટેકરીની( ગઢની ) પૂર્વ અને દક્ષિણ દિશાએ દેવ-ગિરિનગર વસેલું છે. અને તેને ફરતો અઢી માઇલની પરિધિવાળો એક કિલ્લો છે કે જે ગઢને જઇને અડે છે. આ કિલ્લા અને ગઢની વચમાં નગર વસેલું છે. આ કિલ્લો ખંડિત દશામાં છે. બીજો એક કિલ્લો ગામની અંદર જ છે. આ લગભગ આખો છે અને તેના પણ બંને છેડા ગઢને જઇને અડે છે. આ બીજા કિલ્લામાં દાખલ થયા પછી ગઢ સુધી વચમાં હાથી હોજ કે જ્યાં હાથીઓને સ્નાન કરાવવામાં આવતું હતું તે, ચાંદમિનાર, તેની સામે એક મોટું કાલિકાનું મંદિર કે જેને મુસલમાનોએ મસ્જીદમાં ફેરવી નાખ્યું હતું અને પોલિસ પગલાં પછી હિંદુઓએ કબજો લઇને કાલિકાની સ્થાપના કરી છે તે, તથા બીજા તેવાં તૂટેલાં મકાનો છે. અહીંથી આગળ ચાલતાં ત્રીજો કિલ્લો આવે છે અને તેના પણ છેડા ગઢને જઇને જ અડેલા છે. આ ત્રીજા કિલ્લાની અંદર જૂના વખતના મહેલો તૂટી પડેલી અવસ્થામાં છે. ગઢ ઉપર જવા માટે આ કિલ્લાઓના દરવાજાઓમાંથી પસાર થવા સિવાય બીજો કોઇ જ માર્ગ નથી. ત્રણ કિલ્લામાંથી પસાર થયા પછી ગઢમાં દાખલ થયા પૂર્વે ૧૦૦ ફુટ ઊંડી ખાઇ આવેલ છે કે જે પાણીથી ભરેલી હોય છે. જવા માટે એક જ માર્ગ છે કે જેના ઉપર એક બે માણસથી વધારે ન ચાલી શકે. ખાઇ ઓળંગ્યા પછી ગઢ ઉપર જવા માટે હમણાં એક માર્ગ બનાવવામાં આવ્યો છે, પણ પૂર્વે આ માર્ગ હતો જ નહીં. ડુંગરની અંદર ખોદીને બનાવેલા એક અંધારામય માર્ગમાંથી જ કેટલું યે ચાલીને જ ઉપર જઇ શકાતું હતું. અત્યારે પણ પ્રકાશ સાથે રાખીને જવાય છે. એ માર્ગ પણ એટલો સાંકડો છે કે વધારે માણસો ન નીકળી શકે. ઉપર ચડ્યા પછી જૂની મોગલ જમાનાની તોપો પડેલી જોવામાં આવે છે. આગળ ચાલતાં એક ગણપતિનું મંદિર આવે છે કે જેને મુસલમાનોએ કબર બનાવી દીધી હતી અને હમણાં હિંદુઓએ પાછું પડાવી લીધું છે. છેવટના ભાગમાં હવા–ખાવા માટેનો એક મોટો બારદારી નામે ઓળખાતો મ્હેલ છે. તેની આગળ ગુરુદત્તનું ભોંયરામાં મંદિર છે, જ્યાં મેળા ઉપર હજારો લોકો આવે છે. સૌથી ટોચ ઉપર એક મોટી જૂની તોપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


દેવગિરિનો ગઢ અને કિલ્લાનો દેખાવ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દેવગિરિની નગરરચના અને ગઢ દર્શાવતું રેખાચિત્ર.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડેલી છે, આ પ્રમાણે ગઢ, પાણીની ખાઇ અને ત્યાર પછી ક્રમશઃ ત્રણ કિલ્લાઓનું આ ગામ બનેલું છે.

કિલ્લાનું વિશેષ વર્ણન The East India Gazeteer, Walter Hamilton, Vol. I, P. 526-527 માં છે. ઇલોરાની ગુફાથી નીકળ્યા બાદ ત્રણેક માઇલ ઉપર ખુલદાબાદ નામનું ગામ આવે છે. આ ગામમાં એટલી બધી કબરો છે કે પહેલાં આ **રોજા**ના નામથી જ ઓળખાતું હતું. એમ કહે છે કે-ત્યાં ૧૪૦૦ વલી( મુસલમાન સંત )ઓને દાટવામાં આવ્યા છે. અને તેથી તેઓ આને પવિત્ર સ્થાન ગણે છે. અહમદનગરમાં મરતી વખતે શહેનશાહ ઔરંગઝેબે પણ કહ્યું હતું કે, મારા શબને ત્યાં જ લઈ જઈને દાટજો. તેથી તેનું શબ લાવીને અહીં દાટવામાં આવ્યું છે, અને તે સ્થળે મોટો રોજો ઊભો કરવામાં આવ્યો છે. આ ખુલદાબાદથી નીકળ્યા પછી દેવગિરિ-દોલતાબાદ પહોંચતાં પહેલાં એક ગામ આવે છે. ત્યાં મોટા પ્રમાણમાં કાગળો તૈયાર થાય છે.-થતા હતા. આ કાગળો વ્યાપારી વર્ગમાં દોલતાબાદી કાગળને નામે અત્યારે પણ સુપ્રસિદ્ધ છે.

## ઔરંગાબાદ.

દેવગિરિ-દોલતાબાદથી નીકળી અમે ૧૦ માઇલ દૂર ઔરંગાબાદ આવ્યા હતા. પહેલાં આ ગામનું નામ ખડકી હતું. પાછળથી ઔરંગઝેબના નામ ઉપરથી ઔરંગાબાદ કરવામાં આવ્યું છે. આજથી બસો-ત્રણસો વર્ષ પૂર્વે અહીં ઘણા સુરતના ઝવેરીઓ વસતા હતા. આજે પણ એ મહોલ્લાનું નામ **जौहरीवाडो** (ઝવેરીવાડો) જ છે. અત્યારે એ બધી જૂની વસ્તી ચાલી ગઇ છે. પણ તે વખતનાં મંદિરો પૈકી ત્રણ મંદિરો અત્યારે પણ જૌહરીવાડામાં છે. કહે છે કે-પહેલાં તો સાત મંદિરો હતાં. તેમાંથી ઘણીખરી મૂર્તિઓ બહારગામ અપાઇ ગઇ છે. અહમદનગરના શ્રી સંભવનાથ ભગવાનની તથા જૂના-નવા જાલનાની શ્રી નેમિનાથ પ્રભુની તથા ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમાઓ ઔરંગાબાદથી જ ગયેલાં છે. ગામ બહાર પરાંમાં પણ એક જિનમંદિર છે. ગામમાં દિગંબર, સ્થાનકવાસી તથા તેરાપંથીઓની પણ ઠીક ઠીક વસ્તી છે. શ્વે૦ મૂર્તિપૂજકોનાં બહારથી આવેલાં પાંચ-દશ ઘરોની વસ્તી છે. લગભગ પચાશ-પોણોસો જેટલા મારવાડી ભાઇઓનાં ઘરો પહેલાં તો મૂર્તિપૂજક જ હતાં, પણ અત્યારે સ્થાનકવાસી બની ગયાં છે. છતાં મંદિરના વહિવટનો અધિકાર છોડતા નથી, તેથી બરાબર વ્યવસ્થા થતી નથી. બહારથી વ્યાપારાર્થે આવેલા એક શ્વે૦ મૂર્તિપૂજક કચ્છી **જીવરાજભાઈ** દેખરેખ રાખે છે તેથી હમણાં ઠીક છે. પહેલાં આ શહેરમાં ઘણી જ શ્વે૦ મૂર્તિપૂજક જૈનોની જાહોજલાલી હતી. અને ઘણા આચાર્યાદિ મુનિવરોના આગમનના અને ચાતુર્માસ કર્યાના ઉલ્લેખો સાહિત્યમાં મળી આવે છે.

ગામની બહાર નજીક જ એક **બીબીનો મુકબરો**[1] નામનું સ્થળ છે. અહીં

[1] ઇલોરાની ગુફાઓનું ખાતું પણ આ મકાનમાં છે.

Curator, Ellora-Caves C/o, **बीबी मुकबरो मु. औरंगाबाद** એ સરનામું કરવાથી ઇલોરાની ગુફાઓનાં ૨૧, અજંટાની ગુફાઓનાં ૨૧, તથા દેવગિરિનાં ૬, કાર્ડ ઉપર છાપેલાં ચિત્રો મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઔરંગઝેબની એક રાણીને દાટીને કબર કરેલી છે કે જે આગ્રાના તાજમહાલના જ લગભગ નમૂનારૂપ મોટું અને વિશાલ સ્થાપત્ય છે. અહીંથી ઊભા ઊભા બે ત્રણ માઇલ દૂર આવેલી એક ટેકરીમાંની ગુફાઓ દેખાય છે. ત્યાંના લોકો એમ કહે છે કે આમાં જૈનોનાં અને બૌદ્ધોની ગુફાઓ છે. આ ગુફાઓનું વર્ણન શ્રીયુત નાથાલાલ છગનલાલ શાહે જૈન સત્ય પ્રકાશના તા. ૧૫-૪-૧૯૪૨ના અંકમાં વિસ્તારથી કર્યું છે.

## જાલના.

ઔરંગાબાદથી નીકળી ચાલીશ માઇલ દૂર જાલના[1] આવ્યા હતા. ગામના બે ભાગ છે. જૂનો અને નવો. જૂનામાં જૂની વસ્તી છે. નવું પાછળથી વસ્યું છે અને તેથી વસ્તી પણ નવી છે. પહેલાં જૂનું જાલના આવે છે. ત્યાં મૂલનાયક શ્રી નેમિનાથ ભગવાનની મોટી અને સુંદર પ્રતિમાવાળું એક જિનમંદિર છે. સાથે ઉપાશ્રય છે. વસ્તીમાં પાટણથી આશરે બસો વર્ષ પૂર્વે આવીને વસેલા સાળવીવાડાના સાળવી ભાઇઓની વસ્તી છે. અત્યારે તેમાંનાં આઠ દશ ઘર જૈન ધર્મ પાળે છે. બાકીના વૈષ્ણવ થઇ ગયેલા છે.

જૂના જાલના પછી નદી આવે છે. પૂલ ઓળંગીને નવા જાલના અવાય છે. વ્યાપારનું ઘણું મોટું પીઠું હોવાથી બહારથી ઘણા કચ્છી-મારવાડી વિગેરે ભાઇઓ આવીને વસેલા છે. સ્થાનકવાસી, તેરાપંથી, દિગંબર, તેમજ શ્વે૦મૂર્તિપૂજક બધાની વસ્તી છે. સદર બજારમાં આપણું સુંદર મંદિર તથા ઉપાશ્રય આવેલાં છે. મૂલનાયકશ્રી ચંદ્રપ્રભસ્વામી છે. આપણાં પચાશ-પોણોસો ઘર છે. સાધુ મુનિરાજોનો અધિકાધિક પ્રચાર થતો રહે તો ક્ષેત્ર ખેડવા તેવું છે.

જાલનાથી નીકળી ૧૫ માઇલ દૂર **દેવાળગાંવ રાજા** આવ્યા હતા. અહીં આપણું એક સારું જિનમંદિર છે. પાંચ સાત શ્રાવકોનાં ઘર છે. અને તે ઉપર જણાવ્યું તેમ પાટણથી આવેલાં સાળવી લોકોના છે. જો કે અત્યારે તેઓ કોઇ સાળવીનો ધંધો કરતો નથી.

અહીંથી ગાડા રસ્તે નીકળી **સિંધખેડ રાજા** ( કે જ્યાં છત્રપતિ શિવાજીનું મોસાળ હતું, અને અત્યારે પણ જૂના કિલ્લા, મહેલો, મંદિરો, કુંડ વગેરે છે. ) વગેરે ગામો થઇને લગભગ ૩૫, માઇલ દૂર લોણાર[2] ગામે આવ્યા હતા. લોણારમાં આપણી ( મારવાડી ભાઇ-

૧ ઉપાધ્યાય શ્રી વિવેકહર્ષ કે જેઓ તપાગચ્છાચાર્ય શ્રી આણંદવિમલસૂરિજીના શિષ્ય હર્ષાનંદ મુનિના શિષ્ય હતા અને જેમણે આઠથી સો સુધી અવધાન કરીને મહારાષ્ટ્રના બુર્હાનશાહ વગેરે મુસલમાન સૂબાઓને રંજિત કરીને અમારીપટહ લખાવી લીધા હતા અને કેદીઓ છોડાવવા વગેરે સુકૃત્યો કર્યાં હતાં તેમણે જૈનતર્કયુક્તિથી આ જાલનામાં દિગંબરાચાર્યને હરાવીને કાઢી મૂકાવ્યા હતા. ( જુઓ-મોહનલાલ દલીચંદ દેસાઇકૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. પૃ. ૫૬૩ )

૨ અહીં ગામની બહાર પાસે જ એક મોટું ચારે બાજુ મોટા પહાડો અને વચમાં ઊંડો ખાડો હોવાથી કુદરતે જ બની ગયેલું એક જંગી સરોવર છે કે જે લગભગ ત્રણ ચાર માઇલ લાંબું પહોળું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની લગભગ ત્રીશેક ઘરની વસ્તી છે. તેટલી જ લગભગ સ્થાનકવાસીઓની વસ્તી છે. તેરાપંથીનાં પણ ઘરો છે. અંતરિક્ષજી તીર્થ પાસે હોવાથી તેમજ યાત્રાર્થે પધારતા સાધુ મુનિરાજોના આગમનથી ક્ષેત્ર ઠીક સંસ્કારી છે. સાધુઓનાં ચોમાસાં પણ થયાં છે.

અહીંથી વિહાર કરી, અમે ૩૨, માઇલ દૂર આવેલા સિરપુર ગામે આવ્યા કે જ્યાં મહાપ્રભાવી શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનની** પ્રતિમા બિરાજે છે. જે તીર્થની યાત્રા માટે અમે વર્ષોથી ઝંખના કરતા હતા, અને જે માટે કષ્ટમય પ્રવાસ ખેડીને આવ્યા હતા તેની યાત્રા કરીને અમારો આત્મા જે અતિઆનંદથી વ્યાપ્ત થઇ ગયો તે આનંદાનુંભવનું વર્ણન શબ્દોથી કરવું અશકય છે. ॥ **वाचो विनिवर्तन्ते** ॥ આ **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથતીર્થ** સંબંધી વિસ્તૃત વર્ણન હવે પછીના લેખમાં.

**आश्विन ( शारद ) पूर्णिमा**
**सं. २००५, मु. बालापुर,**
**( जी. आकोला )**

**मुनिराज श्री भुवनविजयान्तेवासी**
**मुनि जंबुविजय.**

---

હશે. આ સરોવરનું પાણી બીલકુલ ખારું છે. તેમાંથી પાપડખારો બનાવવામાં આવતો હતો. આ ખારા પાણીને લીધે ગામનું મૂલ નામ લવણાકર હશે અને તેનો કાલક્રમે ઉચ્ચારમાં ફેરફાર થતાં **લોણાયર** અને પછી **લોણાર** બની ગયું હશે.

પદ્મ પુરાણના ૭૯ મા અધ્યાયમાં આ ગામનું વિરજતીર્થ રૂપે વર્ણન આવે છે. અને તેમાં જણાવ્યું છે લવણસુર ત્યાં હણાયો હતો અને તેના રક્તનું-લોહીનું સરોવર બની ગયું કે જે ખારું છે, પરંતુ મને આ પૌરાણિક કલ્પના સત્ય લાગતી નથી. મને જે સત્ય લાગે છે તે ઉપર જણાવી દીધું છે.

ગામની બહાર સરોવરના કિનારા ઉપર જ કપિલતીર્થ નામે ઓળખાતું વૈદિકોનું તીર્થસ્થળ છે. ત્યાં પત્થરની બનાવેલી ગાયની જીભની આકૃતિમાંથી સેંકડો વર્ષોથી ધોધમાર પાણીનો પ્રવાહ સતત ચોવીશે કલાક વહ્યા કરે છે. ગામના બધા લોકો એ પાણીનો ઉપયોગ કરે છે.

આવી બીજી પણ નાની નાની બે ગોમુખીમાંથી વહેતી ધારાઓ છે. તેમાંની એકની સમીપમાં જિનેશ્વર ભગવાનની ભુખરા પાષાણની મસ્તક વિનાની એક મોટી ખંડિત પ્રતિમા પડેલી તે જોતાં અનુમાન થાય છે કે એક વખત અહીં પણ જૈનોની મોટી વસ્તી તથા જિનમંદિરાદિ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

( લેખક–આચાર્યમહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી )

( ગતાંક પૃષ્ઠ ૧૨૮ થી ચાલુ )

૧૯

વખત જાય છે તેમ જીવન ટૂંકુ થાય છે. ન કરવાનું થાય છે અને કરવાનું રહી જાય છે. બીજાને ઉપદેશ અપાય છે તે જ ઉપદેશ પોતાના આત્માને આપવાની ઘણી જરૂરત છે. જેની એવી માન્યતા હોય કે મેં ઘણાને બુઝવ્યા છે, પણ તેણે કોઇ દિવસ વિચાર્યું છે કે પોતાના આત્માને કેટલો બુઝવ્યો છે. જો તેનો પોતાનો આત્મા બુઝયો ન હોય તો બીજાને બુઝવવાનું કહે છે તે જૂઠું છે. અત્યારે તો કોઇપણ પ્રકારની લાલચથી–દાક્ષિણ્યતાથી મોટાઈની પ્રશંસાથી કે દબાણ આદિથી લીલોત્રી આદિ ખાવાપીવાની બાધા કરાવવી, સામાયિક–પડિક્કમણા–પૂજા આદિની બાધા કરાવવી પછી તે અણસમજણથી વેઠે જ કેમ ન કરે અને રાગદ્વેષ–મદ–મોહનો દાસ જ કેમ ન હોય, પણ એમ કહેવાય છે અને એમ મનાય છે કે અમે અમુકને બુઝવ્યા છે; તેમાંયે જો આ બધી બાધાઓ પાળનાર તથા સામાયિક આદિ કરનાર જેને પગે ન લાગતો હોય–માનતો ન હોય–નમતો ન હોય તેમજ તેની વાસનાઓ પોષતો ન હોય તેના માટે તે ધર્મઠગ–દૃષ્ટિરાગી–કષાયી તથા ખોટો ડોળ કરનાર કહેવાય છે. અને જેને નમતો હોય, ગુરુપણાની બુદ્ધિ ધારણ કરતો હોય–ઇચ્છાઓ પૂરી કરતો હોય, રાગ ધરાવતો હોય તેના માટે તે વ્યક્તિ ધર્મિષ્ટ–વિવેકી–હળવાકર્મી–ઉત્તમ જીવ તરીકે ઓળખાય છે. આજકાળના સમયને બુઝવાબુઝવવાની આવી પ્રથા પડી ગઈ છે. બાકી તાત્ત્વિક વૈરાગ્યથી બુઝવું–બુઝાવવું લુપ્તપ્રાય થઇ ગયું છે.

સારા અને સાચા ત્યાગ વૈરાગ્ય પંચમકાલ ભક્ષણ કરી ગયો છે. સાચાને પણ ઝાંખા કરી નાખે તેવા ત્યાગ વૈરાગ્યની પ્રગતિ થઇ રહી છે. તેને સાચા પરીક્ષકો ઓળખી શકે છે. બાકી વસ્તુસ્થિતિના અણજાણ ભોળવાઇ જાય છે. તોય છેવટે બનાવટી વસ્તુઓનો ચળકાટ વધુ ન ટકવાથી અણજાણે પણ ઓળખી જાય છે. ફક્ત વાસના પોષવાના ધંધાને પ્રાય: ધર્મ મનાવવાનો પ્રચાર થઇ રહ્યો છે એટલે તે તરફ સમજુ માણસો ધ્યાન આપતા નથી તેથી અત્યારે એમ કહેવાય છે કે ધર્મની શ્રદ્ધા ઓછી થઇ ગઇ છે. બાકી સાચા ધર્મની શ્રદ્ધા ઓછી થઇ નથી. સાચા ત્યાગ વૈરાગ્યને બધાય માને છે. વીતરાગ દશાને–સમભાવને બધાય માને છે. પણ પુદ્‌ગલાનંદીપણે સામાયિક, પડિક્કમણાં, પૂજા કે બીજી કોઇ ધાર્મિક ક્રિયા કરાવવાના બહાના હેઠળ પોતાના ભક્ત બનાવવાના વ્યવસાયને સમજુ માણસો ધર્મ માનતા નથી. પોતાની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરવા ધર્મના બ્હાને પૈસા ભેગા કરી ખાતાં ખોલવા કે શાસનની પ્રભાવનાના બ્હાના હેઠળ પોતાના માન પ્રશંસા કે મોટાઇ માટે છ–કાયનો આરંભ સમારંભ કરાવવો તેને પ્રભુની વાણીનો રહસ્ય સમજનાર શાસનનો અનુરાગી સમજુ માણસ ધર્મ માનતો નથી. આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસને શ્રદ્ધાહીન કે ધર્મની અવજ્ઞા કરનાર કહેવું તે પ્રભુના વચનની અવજ્ઞા કરવા જેવું છે. અત્યારે તો પુદ્ગલાનંદી જીવોથી ભરમાવેલા પુદ્ગલાનંદી જગતને ઉપદેશ આપી સમજાવવા કરતાં આત્માર્થી જીવોએ પોતાના આત્માને ઉપદેશ આપી સમજાવવામાં અત્યંત શ્રેય સમાયેલું છે. જેને માત્ર પાંચે ઇંદ્રિયોના વિષયોની વાસના પોષવી હોય તેને તો અત્યારના પુદ્ગલાનંદી જીવોએ અખત્યાર કરેલી ઉપદેશની કે સમજાવવાની પદ્ધતિ સ્વીકાર કરવાની જરૂરત છે, પણ જેને પ્રભુના સિદ્ધાંત પ્રમાણે પોતાનું શ્રેય સાધ્યું હોય તેને જરાયે જરૂરત નથી.

૨૦

માનવ જીવનનું માપ કાઢી શકાતું નથી. આપણે ધારીયે ઘણું અને નીકળે થોડું અને થોડું ધારતા હોઇએ તો ઘણું નીકળે, માટે ગમે તેટલું જીવન હોય પણ માનવીએ તો પોતાનું જીવન વાપરીને સમ્યગ્ જ્ઞાન-દર્શન-સમભાવ આદિ આત્માના ગુણો ખરીદવાની જરૂરત છે. પણ મોહની શીખવણીથી અનુકૂળ વર્ણ-રસ-સ્પર્શ આદિ ખરીદવામાં કીમતી માનવ જીવન વેડફી નાખવું ન જોઇએ. અનાદિ કાળથી સંસારમાં રખડતા જીવને જો ઉત્તમ અને કીમતી વસ્તુ મળી હોય તો તે માનવ જીવન છે. તેને સાચી રીતે ઓળખીને તેની કદર કરનાર આત્મા પ્રભુની સાચી સંપત્તિનો વારસ બને છે. સંસારને આંખોથી જોનાર માનવ જીવનનો સદુપયોગ કરી શકતો નથી, પણ જ્ઞાનદૃષ્ટિથી જોનાર વિવેકી માનવી સાચો ઉપયોગ સમજી શકે છે અને આત્માને વિપત્તિમાંથી બચાવીને શાશ્વત સુખી બનાવી શકે છે.

૨૧

માનવ જીવન ટૂંકાં અને તેમાંયે અનેક વિઘ્નો-અંતરાયો આવે એટલે માનવી શું કરી શકે? લોકપ્રવાહમાં તણાઇ જવાથી આત્માનું કશુંયે બની શકતું નથી. જેમ ભીખારી બીજાને શ્રીમંત બનાવવાનું સાહસ કરે અને તે જેમ મૂર્ખાઇ કહેવાય તેવી રીતે આપણે આત્મસંપત્તિના કંગાલ હોઇને બીજાને સાચા શ્રીમંત બનાવવાનો માટે પ્રયાસ કરીએ તે એક પ્રકારની અજ્ઞાનતા કહેવાય. પ્રભુએ બાર વરસ મૌન સેવી આત્મસંપત્તિથી સંપૂર્ણ શ્રીમંત બન્યા પછી જ બીજાઓને આત્મસંપત્તિથી શ્રીમંત બનાવવા માટે પ્રયત્ન કર્યો છે. અત્યારે તો આપણે પ્રભુની પારકી જ્ઞાન સંપત્તિથી શ્રીમંતનો-જ્ઞાનો હોવાનો ડોળ કરીએ છીએ. અને એટલા માટે જ કહેવું પડે છે કે શાસ્ત્રકાર આમ કહે છે. પ્રભુ આમ કહે છે.

પુદ્ગલાનંદી જીવને ઋદ્ધિ ગૌરવતા-રસગૌરવતા-અને શાતા ગૌરવતા ઘણી જ કનડતી હોવાથી ત્યાગી જીવનમાં પણ ભોગી ગૃહસ્થને ગમે તેમ વર્તવું પડે છે. એટલે આત્મસંપત્તિ મેળવવા પ્રભુના કહેવા પ્રમાણે વર્તાતું નથી. અને તેથી દ્રવ્ય ચારિત્રની સામગ્રી મેળવવા છતાં પણ આત્માને ચારિત્રશીલ બનાવી વિકાશ સાધી શકતો નથી. મોટે ભાગે જોઇએ છીએ તો પુદ્ગલાનંદી જીવો શાસ્ત્રોનો અભ્યાસ, તપસ્યા અને કાંઇક સાધુનો આચાર પાળે છે, તે આત્મદૃષ્ટિથી નહિ પણ ગૃહસ્થોને રાજી કરીને તેમનાથી આહાર, ઉપધિ, પૂજા-સન્માન આદિ મેળવવાને માટે હોય છે. આત્મશુદ્ધિ અને આત્મવિકાશને જાણનાર સંસારમાં વિરલા જ હોય છે, કારણ કે પ્રથમ તો આત્માને ઓળખવામાં જ બધાય ભૂલે છે. એટલે પછી તેની શુદ્ધિ કે વિકાશની તો વાત જ કયાંથી હોઇ શકે?

જેમાં એકેન્દ્રિયથી લઇને પંચેંદ્રિય સુધીના જીવોની વિરાધના થતી હોય એવા કાર્યનો આરંભ કરાવીને તેને ધર્મ કહેવો એ જરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારવા જેવું છે. પ્રભુની આજ્ઞા શું છે તેનો સારી રીતે વિચાર કરવાથી અત્યારની કેટલીક પ્રવૃતિઓમાં અધર્મ હોવા છતાં પણ તેને ધર્મ કહેવો, અને બીજાને તેની શ્રદ્ધા કરાવવા પ્રયાસ કરવો તે એક પ્રકારનું મિથ્યાત્વ કહેવાય છે અને પોતે મિથ્યાત્વ સેવીને પોતાની માન પ્રતિષ્ઠા વધારવા ખાતર બીજાને મિથ્યાત્વ સેવડાવવું તે પ્રભુની આજ્ઞાને લોપવા જેવું છે.

આત્મ ગવેષણા કરનારાઓ ગૃહસ્થોના ભોગોપભોગની વસ્તુઓની ઇચ્છા રાખતા નથી. તેમજ ગૃહસ્થોના માન સન્માનની પણ તૃષ્ણા છોડી દે છે. અને પૈસાવાળાઓને પોતાના અનુયાયી બનાવવાનો મિથ્યા મોહ પણ રાખતા નથી. તેઓ જાણે છે કે અજ્ઞાની ગૃહસ્થને રાજી રાખવા પ્રયાસ કરવાથી કદાચ તે રાગી બની જાય તો તે કાંઇ કર્મની નિર્જરા આપી શકતો નથી કે સદ્ગતિ આપી શકતો નથી. આત્મશુદ્ધિ કે વિકાશ આપી શકતો નથી. પણ તે આત્મગુણઘાત કરવામાં નિમિત્ત બને છે, કારણ કે તે રાગી બનવાથી આપણી ઇચ્છા પ્રમાણે પૈસા વાપરે છે કે જેથી આપણે પોતાની પ્રશંસા સાંભળી રાજી થઇએ છીએ, જેથી આત્માને અને પ્રભુને અંધારામાં રાખી આત્માને કર્મબંધ અને પ્રભુની આજ્ઞાનું ખંડન કરીએ છીએ.

રાગી થયેલો ગૃહસ્થ પૌદ્ગલિક સુખ ભોગવવામાં સારી અનુકૂળતા કરી આપશે કે જેથી એકાંતે આત્માના ગુણોનો ઘાત જ થાય. આપણે તો રાગી થયેલા ગૃહસ્થની આવી પ્રવૃત્તિનાં વખાણ કરીને તેને ધર્મના અગ્રેસર તરીકે વખાણીશું. પણ કાંઇક આત્મિક ગુણ મેળવવા હોય તો આવી ધમાલોથી કિનારે રહેવામાં જ લાભ છે. બાકી તો જેને જે ગમે તે ખરૂં. પણ સાચાને તો સાચું અને ખોટાને ખોટું માનવું જ પડે છે. પછી આપણે હોઇએ કે બીજા કોઈ હોય પણ માનવું તો યથાર્થ જોઈએ. વસ્તુને જ વસ્તુરૂપે માનવી જોઇએ.

૨૨

સંસારની રચના જ એવી છે કે ઉપરથી જોનારને સાચું સમજાય નહિ. ઉપશમભાવે ઊંડા ઉતર્યા સિવાય વસ્તુનું તાત્વિક સ્વરૂપ જણાય નહિ. સ્વરૂપથી તો વસ્તુ બદલાય નહિ. પણ સમજણ વગરના જોનારને બદલાતી નજરે પડે છે. જે બદલાય છે તે તાત્વિક નથી. જે તાત્વિક છે તે સ્વરૂપથી નિત્ય છે અને તે જ ગ્રાહ્ય છે, કારણ કે તે અસ્થિર અને ક્ષણિક નથી. આત્મા પોતાને ભૂલતો નથી. જો તે પોતાને ભૂલે તો જડ બનવાનો પ્રસંગ આવી જાય અને સ્વરૂપ ભૂંસાઇ જાય. જડ ચેતન બન્ને જુદાં છે. બન્નેનો સ્વભાવ જુદો છે. કેવળજ્ઞાનમય ચેતન છે અને પૂરણ ગલનવાળું જડ છે, પણ તે અત્યારે તો જાણવા તથા શ્રદ્ધા કરવા પૂરતું છે. બાકી તો અત્યારે ચેતન તથા જડ બન્ને અરસપરસ મળીને ઓતપ્રોત થઇને રહ્યાં છે. અનાદિકાળથી બન્ને એવાં તો ઓતપ્રોત થઇ ગયાં છે કે બન્નેને જુદાં ઓળખવાં મુશ્કેલ છે. જ્ઞાનીઓના વચન સિવાય સ્વતંત્રપણે બન્નેને કોઇપણ ઓળખાવી શકતું નથી, માટે જ્ઞાની પુરુષોએ અનુભવ કરીને બતાવેલા માર્ગને અનુસરવાને અત્યારે અત્યંત આવશ્યકતા છે. જ્ઞાનીઓએ કહેલું કહેવામાત્રથી જડ ચેતન પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવી શકતાં નથી. સકર્મક જીવો અત્યારે તો કર્મના કાર્યોથી જ ઓળખાય છે. અત્યારે તો જીવને ઓળખાવનાર જડ છે. પુસ્તક, વચન, શબ્દ, મૂર્તિ, શરીર વિગેરે જડની મારફતે જ જીવાદિ તત્ત્વો તથા તેના ધર્મોને જાણવાનું રહ્યું. આત્મા પોતાના શુદ્ધ જ્ઞાનબળથી જડની સહાયતા લીધા સિવાય જાણી શકતો નથી. જડની સહાયતાથી જાણી જ શકે છે; પણ પ્રત્યક્ષ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતો નથી, કારણ કે આત્મપ્રદેશો ઉપર કર્મ સ્વરૂપ જડના થર જામી ગયા છે.

મહાઆરંભ તથા પરિગ્રહ, સંયમની પ્રવૃત્તિઓને ધર્મ માનવા મનાવવા પ્રયાસ આદરવો તે આત્મગુણવિકાસનો પૂર્ણ બાધક છે. જ્યાં આરંભ તથા પરિગ્રહનો આદર હોય છે ત્યાં ધર્મને જરાય અવકાશ નથી. મલિન આરંભી ગૃહસ્થનો આચાર આત્મધર્મનો બાધક છે. મલિન આરંભીનો અત્યંત પરિચય સંયમનો બાધક છે. તેમને રાગી બનાવવાની પ્રવૃત્તિ આદરી, તેમની આત્મગુણઘાતક ભક્તિથી પ્રસન્ન થવું, અને અન્યને પોતે પ્રભાવશાળી કે પ્રતાપશાળી બનાવી મદોત્કર્ષ કરવો તે પ્રભુના સંયમમાર્ગની દિશાથી વિમુખ થવા જેવું છે. સંયમની વૃદ્ધિ તથા પુષ્ટિ પ્રભુના વચનોની શ્રદ્ધાપૂર્વક આરાધનાથી જ થઇ શકે છે, પણ અજ્ઞાની જનતાના બહુમાન કે બહુ સેવાભક્તિથી થઇ શકતી નથી. અજ્ઞાની જનતાનું બહુમાન તથા ભક્તિ અસંયમની વૃદ્ધિ તથા પુષ્ટિનું કારણ બની શકે છે. જ્યાં ચોવીશે કલાક અસંયમીઓનો સહવાસ હોય અને અસંયમપોષક પ્રવૃત્તિઓનો આદર થતો હોય ત્યાં સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્રની છાયા પણ હોતી નથી. ઉચ્ચરવું અને આદરવું બન્ને એક દિશામાં ન વિચરે ત્યાં સુધી માત્ર ઉચ્ચરવાથી આત્માનું કોઇપણ હિત થઇ શકતું નથી. એક કંગાલ માણસ ચક્રવર્તીની કે દેવેન્દ્રની રિદ્ધિ સમૃદ્ધિની તથા સુખની વાતો કરી જાણે કે સાંભળી જાણે તેથી કાંઇ તેનું દરિદ્ર નાશ પામી સુખસંપત્તિનો ભાગી કે ભોગી બની શકતો નથી. તેવી જ રીતે શુદ્ધ આત્માની રિદ્ધિ સમૃદ્ધિ તથા શાશ્વત સુખની વાત કરનાર માન મોટાઇની તૃષ્ણાવાળો તથા પાંચે ઇંદ્રિયોના દાસ, આત્મસંપત્તિનો કંગાલ, શુદ્ધ આત્માની રિદ્ધિ તથા શાશ્વત સુખનો ભાગી કે ભોગી બની શકતો નથી. આવો કંગાલ આત્મા શુદ્ધ આત્માની સંપત્તિનું વર્ણન કરી અજ્ઞાની જનતાની પાસેથી માન મોટાઇની તૃષ્ણાવાળો હોય છે. સાચી વસ્તુ જાણનાર તથા શ્રદ્ધનાર જ્ઞાની મહાપુરુષ મહારંભના કાર્યને ધર્મ માને નહિ અને મનાવે પણ નહિ. તેમજ પોતાની મહત્વતા બતાવવા અણજાણ જીવોને તેવા માર્ગ તરફ દોરે પણ નહિં. જ્યાંસુધી સાચી રીતે ગુણ મેળવે નહિ ત્યાંસુધી તે ગુણના વિકાશ માટે નિરંતર પ્રયાસ કરે પણ મિથ્યાડંબર કરીને તેવા ગુણી કહેવડાવવા અજ્ઞાની જનતાને ધર્મના નામે અવળે માર્ગે દોરે નહિ. એવા જ્ઞાની મહાપુરુષો જ પ્રભુના સત્ સંયમ તથા માર્ગને જાળવી રહ્યા છે અને તેઓ જ અનેકશઃ વંદનને લાયક છે અને એવા પવિત્ર પુરુષોથી જ આપણો આત્મા પવિત્ર બની શકશે.

## ૨૩

"**उवसमसारं खु सामण्णं**" આવું વચન કલ્પસૂત્રમાં વાંચ્યું છે તે બરાબર સાચું સમજાય છે. શ્રમણપણું ઉપશમપ્રધાન બતાવ્યું છે. ઔપશમિકભાવ સિવાય તો ચોથું ગુણસ્થાન નથી તો પછી છઠ્ઠું તો હોય જ ક્યાંથી? ઔદયિકભાવ જ્યાંસુધી હોય ત્યાંસુધી સાચી ક્ષમા માંગી શકાય નહિ. કાષાયોના આવેશોને સમાવ્યા સિવાય તો ઉપશમભાવ આવે પણ નહિ અને તે સિવાય ભાવથી ક્ષમાપના થાય નહિ. ભાવશૂન્ય વચનથી ક્ષમા માગવી અને આપવી તે એક પ્રકારની રૂઢી અને એટલા માટે જ વારંવાર અપરાધો કરાય છે અને ક્ષમા મંગાય છે. ઔદયિક ભાવથી ઔપશમિકભાવમાં આવવાનું નામ ક્ષમા માંગવી તથા આપવી કહેવાય છે. ત્યાં વચનના ઉચ્ચારની આવશ્યકતા હોતી નથી.

પ્રથમ તો આપણે પોતાના આત્માની પાસેથી ક્ષમા માંગવી જોઇએ. તે જ્યાંસુધી ક્ષમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન આપે ત્યાંસુધી બીજાની પાસે ક્ષમા માંગવી નકામી છે. આપણે ઔદયિકભાવને આધીન થઇને આપણા આત્માને અધોગતિમાં રખડાવીને અને અસહ્ય દુઃખોમાં નાંખીને પોતાના જ આત્માના મોટા અપરાધી છીએ માટે તેની ક્ષમા માંગવી અવશ્ય કર્તવ્ય છે. જો આપણે પોતાના આત્માની પાસેથી ક્ષમા મેળવશું તો જ વિશ્વના બધાય પ્રાણીઓ ક્ષમા આપશે, નહિ તો આપણી માંગેલી ક્ષમા કોઇપણ સ્વીકારશે નહિ. પોતાના આત્માની પાસેથી ક્ષમા માંગ્યા પછી પ્રભુની પાસેથી ક્ષમા માંગવાની છે, કારણ કે આપણે પ્રભુના વચનોની ઘણી જ અવજ્ઞા કરી છે અને કરીએ છીએ માટે આત્મા પછી પરમાત્માની ક્ષમા માંગવી. બન્ને તરફથી ક્ષમા મળી જાય તો પછી સંસારના કોઇપણ જીવની પાસેથી ક્ષમા માંગવાનું રહેતું નથી. આત્મા તથા પરમાત્માની પાસેથી ક્ષમા માંગવી એટલે ઔદયિકભાવથી ઔપશમિકભાવમાં આવી જવું. ઔદયિકભાવથી અપરાધી થવાય છે અને ઔપશમિકભાવથી નિરપરાધી રહેવાય છે. જયાંસુધી આપણે ઉપશમભાવમાં રહીએ છીએ ત્યાંસુધી પ્રભુના વચનોનું-પ્રભુનું તથા આત્માનું બહુ જ માન કરી છીએ તેથી આપણે અપરાધી બની શકતા નથી. પ્રભુના વચનોનું બહુમાન કરનાર પ્રભુનું બહુમાન કરે જ છે. અને પ્રભુનું બહુમાન કરનાર આત્માનું બહુમાન જાળવે જ છે તેથી તે અપરાધથી મુક્ત હોય છે. અને નિરાપરાધીને જન્મ-જરા-મરણનો ભય હોતો જ નથી.

સકર્મક આત્મા મોહના દબાણથી ઔદયિક ભાવમાં ચાલ્યો જાય છે. છતાં તે જો સાવધ રહીને પોતે ભૂલે છે એવી શ્રદ્ધાવાળો હોય તો તે અક્ષમ્ય અપરાધી થતો નથી અર્થાત્ તેને પરમાત્મા તથા આત્મા તરફથી ક્ષમા તરત મળી જાય છે, કારણ કે તે જડાસક્તિપણે પોતે કરે છે તે ઠીક કરે છે અને આત્માને આનંદ તથા સુખ આપવાને કરે છે એમ માનતો નથી; પણ ઔદયિકભાવની પ્રબળતાને લઇને અનિચ્છાએ પણ ઔદયિકભાવના બળાત્કારથી તણાઇ છે એટલે પ્રભુની તથા આત્માની ક્ષમા માંગવાનો અધિકારી છે અને તેને ક્ષમા મળી જાય છે.

## ફાલનાખાતે ભરાએલ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના ૧૭મા અધિવેશન પ્રસંગે

દૂર દૂર જાનેવાલે—(એ રાગ)

મીજમાન ઓ હમેરે, દૂર દૂર સે આનેવાલે;
મીજમાન ઓ હમેરે.

શાણે ચતુર બન કે, દીલ કે દુલેરે આના;
નૈયા તુફાન પર હે, નાવિક બન કે આના. દૂર દૂર૦ ૧
ઘેરી હે રેન અંધેરી, તુમ ચાંદ બનકે આના;
વેરાન હુઇ હે વાડી, જલ કે ફુવારે આના. દૂર દૂર૦ ૨
ઇશ્વર કે સુત **કાન્ત**, અધ્યક્ષ બન કે આના;
લાલ કે સુત **કસ્તૂર**, ફાટક ખોલો દીલ કી. દૂર દૂર૦ ૩
**વલ્લભ** તું વીર કે બંદા, વીર ધર્મ કો શીખાના;
અબ રેન રહી હે થોરી, લંબી મજલ કો જાના. દૂર દૂર૦ ૪
ફાલના ફુલના ફુલાના, એ કામ તેરા જાના;
**'વૈરાટી'** વીરકે પ્યારે, ઊડા કે નિંદ આના. દૂર દૂર૦ ૫

ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપરનામક મુનિવરો.

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. )

મારે કોઇ લેખ લખવાનો પ્રસંગ આવે છે ત્યારે એને સંપૂર્ણ ન્યાય અપાય તે માટે હું પ્રયાસ તો જેટલો બને તેટલો કરું છું, પણ કેટલીક વાર મને પુરેપૂરી સફળતા મળતી નથી. બધી જ જાતની માહિતી મળી રહેતી નથી. આવો એક તાજો દાખલો તે "અપરનામક મુનિવરો" એ નામનો લેખ છે. આ લેખ લખી ટપાલમાં રવાના કરવા મેં મારા એક પુત્રને મોકલ્યો અને તે ટપાલ-પેટી સુધી તો પહોંચ્યો પણ નહિ હોય એવામાં આ લેખ માટેનું એક નામ અચાનક નજરે પડયું. થોડી વારે અગાઉ નોંધી રાખેલું એક નામ યાદ આવ્યું. બીજે દિવસે "પૂરવણી" કે "અનુલેખ" તરીકે આ બાબત તંત્રીજીને લખી મોકલવા વિચાર કર્યો. એવામાં **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ** જોવાનું કારણ મળ્યું અને એમાં અપાયેલી "જૈન ગ્રંથકારો, લેખકો, સૂરિઓ આદિની અનુક્રમણિકા" તરફ મારું લક્ષ્ય ગયું. એમાં અપરનામોની નોંધ હશે એવો વિચાર સ્ફુર્યો. પ્રથમ લખેલા લેખની કાચી નોંધ જોતાં કેટલાંક નામો એમાં ઉમેરવા રહી ગયાનું જણાયું. આ અપૂર્ણતાને દૂર કરવા પ્રથમ લેખ છપાય છે તે પૂર્વે એના અનુસંધાનમાં આ લેખ લખું છું. આશા છે કે હવે ભાગ્યે જ નોંધપાત્ર અધિક નામોનો ઉલ્લેખ કરવો રહી જતો હશે. તેમ છતાં જો એમ જ હોય તો આ વિષયને પરિપૂર્ણ બનાવવા માટે એ જેમની જાણમાં હોય તેમને એ રજૂ કરવા હું વિનવું છું. દિગંબર ગ્રંથકારો વિષે હું સ્વતંત્ર લેખ આગળ ઉપર લખવા વિચાર રાખું છું એટલે અહીં તો એ વિષે સૂચન પૂરતી જ નોંધ છે.

## ( ૧ ) કુમુદચન્દ્ર-સિદ્ધસેન દિવાકર.

**કલ્યાણમંદિરસ્તોત્ર**ના કર્તા કુમુદચન્દ્ર છે એમ એના અંતિમ પદ્ય જોઇને અનુમનાય છે. આ કુમુદચન્દ્ર તે જ **સિદ્ધસેન** દિવાકર એમ કેટલાક માને છે. **પ્રભાવકચરિત** કરતાં કોઇ પ્રાચીન કૃતિ આ બાબતનું સમર્થન કરતી હોય તો તે જાણવામાં નથી. સિદ્ધસેને બત્રીસ બત્રીસીઓ રચ્યાનું મનાય છે. એમાં **ન્યાયાવતાર**નો સમાવેશ કરવાનો છે કે નહિ તે જાણવું બાકી રહે છે. આજે તો આને ન ગણતા ૨૧ બત્રીસીઓ જ મળે છે. એટલે બાકીની નાશ પામી હશે. સિદ્ધસેનનો સમય એક વિવાદગ્રસ્ત વિષય છે. કેટલાક એમને છેક ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં થયેલા માને છે તો કેટલાક એને ઈ. સ. ની પ્રથમ શતાબ્દીમાં થયેલા ગણે છે. હું તો એમ માનું છું કે ઈ. સ. ની પાંચમી સદી પછી એઓ થયા નથી.

## ( ૨ ) ભદ્રકીર્તિ=બપ્પભટ્ટિસૂરિ (વિ. સં. ૮૦૦–૮૯૨)

**પ્રભાવકચરિત**ને આધારે આ સમીકરણ હું આપું છું. વિશેષમાં બપ્પભટ્ટિસૂરિની **તારાગણ** નામની જે કૃતિનો અહિં ઉલ્લેખ છે તે હજી સુધી કોઈ સ્થળેથી મળી નથી તો તેની તપાસ થવી ઘટે એમ સૂચવું છું. બપ્પભટ્ટિસૂરિનો જન્મ વિ. સં. ૮૦૦ થયો હતો અને એઓ વિ. સં. ૮૯૨માં સ્વર્ગે સિધાવ્યા હતા.

## ( ૩ ) અમૃત=આમ્રદેવસૂરિ

જૈ. સા. સં. ઇ. (પૃ. ૨૧૮) પ્રમાણે 'વડ'ગચ્છના ઉદ્યોતનસૂરિના શિષ્ય અમૃત તે આમ્રદેવસૂરિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમના શિષ્ય નેમિચન્દ્રે વિ. સં. ૧૧૨૯માં ઉત્તરજઝયણ ઉપર સુખબોધા નામની ટીકા રચી છે.

(૪) વસંત=વીરગણિ=સમુદ્રઘોષસૂરિ.

'ચન્દ્ર' ગચ્છ યાને 'સરવાલ' ગચ્છના ઈશ્વરગણિને વીરગણિ નામે શિષ્ય હતા. આ વીરગણિએ દાહોદમાં વિ. સં. ૧૧૬૯માં પિંડનિજ્જુત્તિ ઉપર સંસ્કૃતમાં [1]વૃત્તિ રચી છે. એમાં એમણે પોતાની પૂર્વાવસ્થાનો પરિચય આપ્યો છે. સાથે સાથે એમનું અપરનામ સમુદ્રઘોષસૂરિ હોવાનું સૂચવ્યું છે. શ્રેષ્ઠી વર્ધમાન અને શ્રીમતીના એઓ પુત્ર થાય છે. 'સંસારી અવસ્થામાં એમનું નામ વસંત હતું.[2]

(૫) રામચન્દ્ર=વાદીદેવસૂરિ (વિ. સં. ૧૧૪૩-૧૨૨૬).

વિ. સં. ૧૧૫૨માં નવ વર્ષની વયે દીક્ષા લેનાર વાદી દેવસૂરિ મુનિચન્દ્રસૂરિના શિષ્ય થાય છે. આ વાદીએ પ્રમાણનયતત્ત્વાલોક રચી એને સ્યાદ્વાદરત્નાકર નામની ટીકાવડે વિભૂષિત કર્યો છે. તેમ કરતાં એમને પ્રમેયકમલમાર્તંડ ઉપયોગી થઇ પડયો હોય એમ લાગે છે.

(૬) પ્રબોધમૂર્તિ-જિનપ્રબોધસૂરિ.

'ખરતર' ગચ્છના પ્રબોધમૂર્તિએ કાતન્ત્ર વ્યાકરણ ઉપર દુર્ગપદપ્રબોધ નામની ટીકા વિ સં. ૧૩૨૮ માં રચી છે. આ ગ્રન્થકાર પાછળથી જિનપ્રબોધસૂરિ તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા છે.

(૭) ધર્મસુન્દરસૂરિ-સિદ્ધસૂરિ.

'સૂરિ' અવસ્થામાં બે નામે ઓળખાતા આ આચાર્યે વિ. સં. ૧૫૩૧ માં શ્રીપાલનાટકગત રસવતીવર્ણન રચ્યું છે, આ કોઈ સ્થળેથી છપાયું હોય એમ જાણવામાં નથી.

૧ આ વૃત્તિ અપ્રસિદ્ધ હોય એમ જણાય છે. જો એમ જ હોય તો એ સત્વર છપાવવી જોઇએ.

૨ જુઓ ભાં. પ્રા. સં. મં. તરફથી છપાયેલું મારું હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર (D C J M Vol. 17, pt. 3, p. 486).

(૮) બ્રહ્મમુનિ-વિનયદેવસૂરિ.

પાર્શ્વચન્દ્રસૂરિના શિષ્ય તે બ્રહ્મમુનિ. એમણે વિ. સં. ૧૫૯૩ માં સુસઢચોપાઇ અને વિ. સં. ૧૫૯૭ માં ચાર પ્રત્યેકબુદ્ધ ચોપાઈ રચી છે. વિશેષમાં એમણે જંબૂદ્વીવપણ્ણત્તિ ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચી છે.[1] આ વૃત્તિ પ્રસિદ્ધ થવી ઘટે.

(૯) વાનર ઋષિ-વિજયવિમલ.

વાનર ઋષિ 'તપ' ગચ્છના આનંદવિમલસૂરિના વિદ્વાન્ શિષ્ય થાય છે. એમણે લગભગ પચાસેક વર્ષ સુધી જૈન સાહિત્યની સેવા કરી છે. એમણે વિ. સં. ૧૬૨૨ પહેલાં ગચ્છાચાર ઉપર સંસ્કૃતમાં ટીકા રચી છે. એમણે વિ. સં. ૧૬૩૪માં આ આગમ ઉપર વિસ્તારપૂર્વક સંસ્કૃત ટીકા રચી છે. આ ઉપરાંતની એમની કેટલીક કૃતિઓ નીચે મુજબ છેઃ—

(૧) ભાવપ્રકરણ
(૨) ભાવપ્રકરણની સ્વોપજ્ઞ વૃત્તિ વિ. સં. ૧૬૨૩
(૩) બંધોદયસત્તા પ્રકરણ
(૪) બંધોદયસત્તાની અવચૂરિ
(૫) તંદુલવેયાલિયની અવચૂરિ[2] વિ.સં.૧૬૫૫ પહેલાં
(૬) જિનેન્દ્ર-અનિટ્ કારિકાની અવચૂરિ
(૭) [3]સાધારણ જિન સ્તવની „
(૮) [4]બંધહેતૂદયત્રિભંગીની „ વિ. સં. ૧૬૬૨
(૯) [5]પડિલેહણાકુલય

(૧૦) ધનહર્ષ-સુધનહર્ષ.

વિ. સં. ૧૬૫૩ માં ધનહર્ષે તીર્થમાલા-

૧ જુઓ D C J M (Vol. XVII, pt. 1, p. 239).

૨ આ ઉપરથી વાનર ઋષિના શિષ્ય વિશાલસુંદરે નાગપુર (નાગોર) માં વિ. સં. ૧૬૫૫ માં સંક્ષેપ કર્યો છે. જુઓ જૈ. સા. સં. ૪. (પૃ. ૫૮૪)

૩ આના કર્તા જયાનંદસૂરિ છે.

૪ આ હર્ષકુલગણિની રચના છે.

૫ આમાં અઠ્ઠાવીસ ગાથા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્તોત્ર** રચ્યું છે. વિ. સં. ૧૬૭૭ માં કોઇ કૃતિ રચનાર સુખનહર્ષ તે આ છે એમ જૈ. સા. સં. ઇ. (પૃ. ૮૫૨) જોતાં જણાય છે.

**(૧૧) જગમાલ્લ-જગન્મલ્લ.**

જૈ. સા. સં. ઇ. (પૃ. ૫૯૪) માં કહ્યું છે કે વિજયદાનસૂરિના શિષ્ય જગન્મલ્લ(જગમાલ્લ)ના શિષ્ય બુદ્ધિવિજયે વિ. સં. ૧૬૬૦ માં **ચિત્રસેન-પદ્માવતી-કથા** રચી છે.

**દામોદર-દયાસાગર.**

જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૦૭) પ્રમાણે દામોદરનો કાવ્યકાલ વિ. સં. ૧૬૬૫ થી ૧૬૬૯ નો છે.

**(૧૨) ખીમાવિજય-ક્ષમાવિજય.**

વિ. સં. ૧૭૦૭ માં ખીમાવિજયે **પજ્જોસવણાકપ્પ** ઉપર ટબ્બો રચ્યો છે. જુઓ જૈ. સા. ઇ. (પૃ. ૬૬૨) ખીમાવિજય એ ગુજરાતી નામ છે. અને ક્ષમાવિજય સંસ્કૃત છે.

**(૧૩) જયરંગ-જેતસી.**

જયરંગનો કાવ્યકાલ વિ. સં. ૧૭૦૦ થી ૧૭૨૧ નો છે એમ જૈ. સા. સં. ઇ (પૃ. ૬૬૪) માં ઉલ્લેખ છે. પૃ. ૮૪૩ માં આ મુનિ 'ખરતર' ગચ્છના હોવાનો તેમજ એમનું બીજું નામ જેતસી હોવાનો નિર્દેશ છે.

**(૧૪) મેરૂલાભ-માહાવજી**

મેરૂલાભે કોઇ કૃતિ વિ. સં. ૧૭૦૫માં રચી છે. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૬૪).

**(૧૫) ધર્મવર્ધન-ધર્મસિંહ.**

ધર્મવર્ધનનો કાવ્યકાલ જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૬૪) પ્રમાણે વિ. સં. ૧૭૧૯થી ૧૭૫૭નો છે. એમણે વિ. સં. ૧૭૧૯માં ૧૯ વર્ષની લઘુ વયે **શ્રેણિક-ચોપાઇ** રચી છે. એમણે વિ. સં. ૧૭૩૬માં **વીર-ભક્તામર** રચ્યું છે અને એને સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત કર્યું છે. આનું સંપાદન મેં કર્યું છે. એમની અન્ય કૃતિઓનો ઉલ્લેખપૂર્વકનો એમનો વિશેષ પરિચય મેં "શ્રી ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ" (દ્વિતીય ભાગ)ની પ્રસ્તાવના (પૃ. ૧૯-૨૧)[1]માં આપ્યો છે, ધર્મવર્ધન તેમજ ધર્મસિંહ નામના બીજા મુનિવરો વિષે પણ મેં અહીં નિર્દેશ કર્યો છે.

**(૧૬) લાભવર્ધન-લાલચંદ.**

લાભવર્ધનનો કાવ્યકાલ વિ. સં. ૧૭૨૩ થી ૧૭૭૦નો છે. એમણે વિ. સં. ૧૭૨૮માં **લીલાવતી-રાસ** રચ્યો છે.

**(૧૭) હીરાણંદ-હીરમુનિ.**

જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૬૪) માં આ સમીકરણ અપાયું છે. સાથે સાથે હીરાનંદનો કાવ્યકાલ વિ. સં. ૧૭૨૭ થી ૧૭૪૪ નો નોંધાયો છે.

**(૧૮) કુશલસાગર-કેશવ.**

વિ. સં. ૧૭૪૫ માં કુશલસાગરે કોઇ કૃતિ રચ્યાનો અને એનું બીજું નામ કેશવ હોવાનો ઉલ્લેખ જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૬૫) માં છે.

**(૧૯) ભાવરત્ન-ભાવપ્રભસૂરિ.**

આ 'પૌર્ણિમિક' ગચ્છના મુનિરત્નનો કાવ્યકાલ વિ. સં. ૧૭૬૯ થી ૧૭૯૯ નો છે એમ જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૬૫) માં ઉલ્લેખ છે, પરંતુ મારી સમજ પ્રમાણે એમણે વિ. સં. ૧૭૫૬ માં **આંઝરિયા મુનિવરની સજ્ઝાય** રચી છે. એમની કૃતિઓની નોંધપૂર્વક એમનો વિસ્તૃત પરિચય મેં [2]**જૈન ધર્મવરસ્તોત્રા**દિની મારી સંસ્કૃત પ્રસ્તાવનામાં આપ્યો છે. એટલે અહીં હું ફક્ત એમની કૃતિ **નેમિભક્તામર**નો જ ઉલ્લેખ કરું છું કે જેનું (સ્વોપજ્ઞ વૃત્તિ સહિત) સંપાદન મેં કર્યું છે.

---

૧ પૃ. ૨૨-૨૪માં ભાવરત્ન ઉર્ફે **ભાવપ્રભસૂરિ** વિષે કેટલીક બાબતો મેં નોંધી છે.

૨ બીજી બે કૃતિઓ તે **ગાથૂલિકાર્થ** અને **સભાચમત્કાર** છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય ગ્રંથોના પ્રકાશનો અને સંપાદનો કેવા હોવા જોઇએ ?

ભારતીય વિદ્યાભુવન મુંબઇ તરફથી શ્રી ડાલચંદજી સિંધિ, જૈન ગ્રંથમાળાના ગ્રંથાંક નં. ૨૦ મણકા તરીકે " **ન્યાયાવતાર વાર્તિક વૃત્તિ** " મૂળ ગ્રંથ છપાયેલ છે, તેની સમાલોચના અમદાવાદથી પ્રકટ થતાં " પ્રજા-બંધુ " પેપર અંક ૫૩, તા. ૧૨–૨–૫૦ માં પંડિત બેચરદાસે કરેલી અમારા વાંચવામાં આવી છે. અમે તેની સંક્ષિપ્ત હકીકત લઇ આ લેખ લખીયે છીએ. " તેનાં મૂળ કર્ત્તા પૂર્ણતલ્લગચ્છીય **શ્રી શાંતિસૂરિ** છે. આ ગ્રંથના સંપાદક દલસુખભાઇ માલવણીયા છે. (જેઓ હાલ બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં જૈન શાસ્ત્રોના પંડિત પ્રધાનનો હોદ્દો ધરાવે છે.) સમાલોચનાકાર પોતે કરેલી સમાલોચનામાં જણાવે છે કે–પ્રથમ સંપાદનકાર દલસુખભાઇએ તે ગ્રંથમાં પ્રથમ પોતાનું વક્તવ્ય વિદ્વત્તાભરી રીતે સ્ફુટ કરેલ છે. પછી પરિચય, ટિપ્પણો, પરિશિષ્ટો, ઉપયોગમાં લીધેલી પ્રતિઓનો પરિચય, પ્રતિઓનું વર્ગીકરણ, લિપિભ્રમ વગેરેને લગતી હકીકતો પા. ૧ થી પા. ૧૫૧ સુધી પ્રસ્તાવનામાં આપેલ છે તે વર્તમાન સંપાદકોને મન પર લેવા જેવું અને માર્ગ-દર્શન કરાવનારું છે. "

" વક્તવ્ય, પ્રસ્તાવના વગેરે સર્વ વાંચતાં આ ગ્રંથ ઉપર સંપાદકમહાશયે સુવર્ણ કલશ ચડાવ્યો છે, કે જે કાર્ય પૂર્ણ ખંતીલું અને વિદ્વત્તાભરી રીતે કરવામાં આવેલું છે, સાહિ-ત્યના રસિકો અને વિદ્વાનોને વાંચવા જેવું છે. વળી સમાલોચનાકાર જણાવે છે કે " ઘણાએ પુસ્તકોનાં પ્રકાશનો, આચાર્ય મહારાજાઓ, મુનિરાજો, ગૃહસ્થો તૈયાર કરી કે નવા બનાવી પ્રકાશન કરે છે, અને તેની પાછળ જૈનોના હજારો રૂપીઆ ખર્ચાય છે અને ધૂનમાં ને ધૂનમાં ગમે તેવા ગ્રંથો પણ પ્રકાશિત થાય છે

---

**(૨૦) ઉદયસાગરસૂરિ–જ્ઞાનસાગર.**

વિ. સં. ૧૭૮૬ થી ૧૭૯૭ સુધી સાહિત્ય–ક્ષેત્રમાં ફાળો આપનાર જ્ઞાનસાગરસૂરિ બનતાં ઉદય-સાગરસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. એઓ ' અંચળ ' ગચ્છમાં થયા છે.

આમ અહીં વિક્રમનો ૧૮ મો સૈકો પૂરો થાય છે એટલે એ પછી થયેલા ગ્રંથકારો વિષે વિશેષ ન લખતા એટલું જ કહીશ કે વિ. સં. ૧૮૦૭ માં ૧૧ સર્ગમાં **ગૌતમીય–મહાકાવ્ય** રચનારા રૂપ-ચન્દ્રનું બીજું નામ રામવિજય છે. અને એમનો ગચ્છ ' ખરતર ' છે.

આજકાલ જે મુનિઓ છે તેમાંના ઘણાખરા બૂટેરાયજી ઉર્ફે મુનિ બુદ્ધિવિજયના સંતાનીય છે. ' પંજાબકેસરી ' તરીકે ઓળખાવાતા આત્મારામજીનું બીજું નામ વિજયાનંદસૂરિ છે અને કર્પૂરવિજયનું નામ ચિદાનંદ છે.

અંતમાં ' વાયડ ' ગચ્છના અમરચન્દ્રસૂરિ તે અમરપંડિત, ' ખરતર ' ગચ્છના આણંદ તે આણં-દવર્ધન, આમ્રદેવસૂરિ તે અંબદેવસૂરિ, ' લોંકા ' ગચ્છના ખોડીદાસ તે ખોડાજી, જસવંતસાગર તે યશસ્વત્સાગર અને ' રાજ ' ગચ્છીય સાગરેન્દુ તે સાગરચન્દ્ર એમ નામાંતરો છે ખરાં, પરંતુ આવા નામો પૈકી કેટલાંક સંક્ષેપ કરવાની વૃત્તિને આભારી છે, કેટલાંક ગુજરાતી નામને બદલે સંસ્કૃત નામ રજૂ કરવાના કે એથી ઉલટી રીતે વ્યવહાર કરવાના વલણને આભારી છે અને કોઇ કોઇ એક શબ્દને એનો પર્યાય સૂચવવાની રીતિને આભારી છે. એટલે એ નોંધવાથી વિશેષ શો લાભ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરંતુ** આ ગ્રંથ જોતાં તે એક પણ ગ્રંથ આવી **સરસ** રીતે સંપાદિત થયેલો નથી, એટલું જ નહિં પરંતુ જૈન, જૈનેતર વિદ્વાનો કે જૈન **સમાજને** ઉપયોગી થાય કે જેનો પ્રચાર પંડિ**તોમાં** થયો હોય તેવો એક પણ ગ્રંથ પ્રકાશન **નથી થયો,** પરંતુ (માત્ર અપવાદ તરીકે એક વસુદેવ હિંડી) એટલે કે **શ્રી વસુદેવ હિંડી ગ્રંથ** એક **માત્ર અપવાદરૂપ છે"** વગેરે સમાલોચનાકાર તે પત્રમાં કરેલી સમલોચનામાં જણાવે છે. (વિશેષ જાણવા માટે વાંચો ઉપરોક્ત તારીખનો પ્રજાબંધુ અંક).

એટલે કે શ્રી **વસુદેવ હિંડી** મૂળ અને અનુવાદ બંને ગ્રંથો આ સમાલોચનાકારે જોયાં હોય તેમ જણાય છે, તેમજ અમોને પણ તેનું પ્રકાશન બધી રીતે સુંદર થયેલ છે તેમ જણાયેલ છે. જૈન જૈનેતર વિદ્વાનો, સાહિત્યકારોએ પણ આ બંને ગ્રંથના ભારોભાર વખાણ, અભિપ્રાય, સમાલોચના વગેરે પત્રોદ્વારા કરેલા છે. આ ગ્રંથ ભાવનગરની **શ્રી જૈન આત્માનંદ સભા** તરફથી પ્રગટ થયેલ છે. તેમના તરફથી પ્રકટ થતાં **આત્માનંદ પ્રકાશ** માસિકનાં વાચકોએ જોયેલું પણ હશે જેથી તે સભા ધન્યવાદને પાત્ર છે. વળી સાંભળવામાં આવ્યું છે કે આ સભા તરફથી **"શ્રી દ્વાદશારનયચક્ર"** નામનો ન્યાયનો મૂળ ગ્રંથ જે શુમારે અઢાર હજાર શ્લોકપ્રમાણ છે, તે તૈયાર થાય છે, તેનું સંશોધન કાર્ય વિદ્વત્તાભરેલી રીતે સાક્ષરોત્તમ મહાત્મા **શ્રી પુણ્યવિજયજી** મહારાજાએ કરેલ છે, અને તે ન્યાયના ગ્રંથની વધુ સિદ્ધિ અને પ્રમાણભૂત બનાવવા આચાર્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરના સુ. **પ્રશિષ્ય વિદ્વાન મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજને** તપાસ કરવા શ્રી પૂણ્યવિજયજી મહારાજે સોંપેલ છે, જેનું સંપાદન કાર્ય પૂર્ણ થવા આવ્યું છે, અને થોડા વખત પછી તેનું પ્રકાશન કાર્ય શરૂ થશે. એ ન્યાયનો અદ્વિતીય અને અનુપમ ગ્રંથ સંપાદન અને પ્રકાશન કાર્ય ઉત્તમ રીતે થશે તેમ જાણવામાં આવ્યું છે, તેનું સંપાદન કાર્ય બન્ને સાક્ષરોત્તમ વિદ્વાન મુનિરાજોના શુભ પ્રયત્નને આભારી છે. તેની ખાત્રી થવા માટે અગાઉ શ્રી આત્માનંદ પ્રકાશમાં નયચક્રના બાર આરાના નામ સાથેનો ફોટો અને પરિચયના કેટલાક લેખો વિદ્વાન **શ્રી** જંબૂવિજયજી મહારાજે વિદ્વત્તાભરી રીતે લખેલા પ્રકાશન થયેલા છે તે વાંચકોના ધ્યાનમાં પણ હોવું જોઇએ, તેથી સામાન્ય રીતે માનવાને કારણ મળે છે કે વસુદેવ હિંડી મૂળ અને અનુવાદોના સંપાદનો અને પ્રકાશનો જેમ ઉત્તમ રીતે પ્રશંસાપાત્ર થયેલાં છે તેમ આ દ્વાદશારનયચક્રસારનું પણ સંપાદન કાર્ય અને પ્રકાશન કાર્ય અનુપમ બનશે, તેમાં શંકાને સ્થાન નથી; જેથી આ વસુદેવહિંડીનો મૂળ અને અનુવાદ કે એકલો અનુવાદ વિદ્વાનો, સાહિત્યરસિકો અને ઐતિહાસિક તેમજ કથા સાહિત્યપ્રિયને વાંચવા ભલામણ કરૂં છું.

સાક્ષરવર્ય શ્રી પૂણ્યવિજયજી મહારાજ જેમ આ ઉત્તમ ગ્રંથના સંશોધક છે તેમ આગમો કે સાહિત્યના ગ્રંથોના પણ સંશોધક છે. વળી સાહિત્યકાર, જૈનશાસ્ત્રો અને આગમોના નિષ્ણાત, લેખક, વક્તા, સાક્ષર વિગેરે હોવાથી તેઓશ્રીના સંશોધનના ઉત્તમ પ્રયત્નવડે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પ્રગટ થયેલા ગ્રંથોથી સર્વ કોઈ સુપરિચિત છે, તેથી સાક્ષરશિરોમણિ વિદ્વાન શ્રી પૂણ્યવિજયજી મહારાજ આજે તે રીતે સમાજ ઉપર મહદ્ ઉપકાર અને સાહિત્ય–જ્ઞાનભક્તિ કરી રહેલા છે. તેમજ ન્યાયવેત્તા, ઐતિહાસિક સાહિત્યનિષ્ણાત શ્રી જંબૂવિજયજીએ પણ આ ન્યાય ગ્રંથ માટે અમૂલ્ય ભોગ આપી જૈન સમાજ ઉપર મહદ્ ઉપકાર તથા સાહિત્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા કરી છે. આવા વિદ્વાન મુનિરાજો જૈન સમાજમાં હોવાથી જૈન સમાજ પણ ભાગ્યશાળી છે.

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા પૂર્વાચાર્યકૃત વિવિધ સાહિત્યના મૂળ ગ્રંથોનું મૂળ અને અનુવાદરૂપે પ્રકાશન ઘણા વર્ષોથી કરી રહેલ છે, અને તેને માટે તે સભાની પણ પ્રશંસા થઈ રહેલ છે. હાલમાં છેલ્લો અનુવાદ ગ્રંથ ત્રેવીશમા ભગવંત **શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચરિત્ર** જુદી જુદી અવસ્થાઓના ફોટાઓ સાથે પ્રસિદ્ધ થયેલ છે, તેને માટે શ્રી આત્માનંદ પ્રકાશમાં આવતાં તે ગ્રંથના સુંદર અભિપ્રાયો, તેના સંપાદક સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસભાઈની પ્રશંસા સાથે ગ્રંથની સુંદરતા અને સંપાદન માટે પ્રશંસા થઇ રહેલ છે. તે વાચક વર્ગના ધ્યાનમાં પણ હોવું જોઈએ. જેમને સુકૃતની લક્ષ્મી પ્રાપ્ત થયેલી હોય, જ્ઞાનભક્તિના કાર્ય પર પ્રેમ હોય કે ભક્તિ કરવી હોય એ રીતે ભક્તિ કરી કલ્યાણ સાધવું હોય, તેવા જૈન બંધુઓએ આવા પૂર્વાચાર્ય મહારાજની કૃતિના આવા દેવાધિદેવના અનુપમ ચરિત્રોનું પ્રકાશન સભા મારફત કરાવી મનુષ્યજન્મનું સાર્થક કરવા જેવું આ એક ઉત્તમ કાર્ય છે એમ અમે માનીએ છીએ. અમે તે માટે આ સભાને ધન્યવાદ આપવા સાથે તેવા સુંદર અનેક પ્રકાશનો તેના સંપાદકો, કાર્યવાહકો વગેરે બંધુઓ દીર્ઘાયુ થઇ કરવા ભાગ્યશાળી થાય તેમ પ્રાર્થના કરીયે છીયે.

**ડાહ્યાલાલ ક. ત્રિવેદી** બી. એ.
હેડમાસ્તર
શેઠ શ્રી ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા
**ભાવનગર.**

## અમારા પ્રકાશિત સાહિત્ય ગ્રંથો અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટેના અભિપ્રાયો.

અમરાવતીઃ મહા વદી ૫, સં. ૨૦૦૬

**શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યવાહકો યોગ્ય–ધર્મલાભ.**

તમારી શ્રી જૈન આત્માનંદ સભા પ્રાચીન સંસ્કૃત–પ્રાકૃતાદિ ભાષાના ગ્રંથોનું ઉચ્ચકક્ષાના સંપાદનપૂર્વક વર્ષોથી જે પ્રકાશન કરી રહી છે તે બદલ તમારી સભાને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે. સભાએ પ્રગટ કરેલા ગ્રંથો થોડાં જ વર્ષોમાં મ્હોં–માગી કિંમતે પણ મળવા દુર્લભ થઇ પડે છે એટલા માત્રથી પણ જણાઇ આવે છે કે શ્રી આત્માનંદ સભાનું પ્રકાશન કેટલું વિશિષ્ટ ગૌરવવંતું અને કિંમતી છે.

ઘણા આનંદની વાત તો એ છે કે તમારી સભા વિદ્વજ્જનસેવ્ય સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોના પ્રકાશનથી જ અટકી ગઇ નથી, પરંતુ સર્વ સામાન્ય જનતામાં પણ ધાર્મિક જ્ઞાનનો, સંસ્કારોનો અને ભાવનાનો અધિકાધિક વ્યાપક પ્રચાર થાય તે માટે તીર્થંકર દેવ આદિ શાસનની વિભૂતિઓના જીવનચરિત્રાત્મક તથા તત્વજ્ઞાનાત્મક અનેક પ્રાચીન ભિન્ન ભિન્ન ગ્રંથોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને પણ પ્રતિવર્ષ પ્રગટ કર્યે જ જાય છે. તેમાં પણ તમારા ગુજરાતી અનુવાદોમાં હમણાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુજી**ના ચરિત્રના અનુવાદે તો ખરેખર કળશ ચઢાવ્યો છે. તેમાં આવતું શ્રી પાર્શ્વનાથસ્વામીનું વિસ્તૃત ચરિત્ર ખરેખર આનંદદાયક છે જ, પણ સાથે ભગવાનના ભિન્ન ભિન્ન જીવનપ્રસંગોના જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્રો આપેલાં છે તે પણ એટલાં બધાં સુંદર, આકર્ષક અને યોગ્યરીતે આલેખાયેલાં છે કે વાંચનાર એ ચિત્રોનાં જ માત્ર દર્શન કરે તો પણ પરમ સંતોષ અને આનંદ અનુભવે છે.

આ રીતે તમારી સભા શ્રુતજ્ઞાનદ્વારા શાસનની જે પરમ સેવા બજાવી રહી છે તે બહુ આનંદની વાત છે. આ પવિત્ર સેવા બદલ સભાના કાર્યવાહકો અને સેક્રેટરી **શ્રી વલ્લભદાસભાઈ ત્રિભુવનદાસ** ગાંધીને ખરેખર અભિનંદન અને ધન્યવાદ ઘટે છે. તમારી સભા આ પ્રમાણે વિદ્વજ્જનોપયોગી અને લોકોપયોગી જૈન સાહિત્યના પ્રકાશન દ્વારા ચિરકાળ શાસનોન્નતિ કરતી જયવંતી રહો. એજ.

**મુનિરાજ શ્રી જંબૂવિજયજીનાં ધર્મલાભ.**

**તે જ મુનિમહારાજનો પ્રથમ અભિપ્રાય.**

આકોલાથી માહ શુદ ૧૦ ના રોજ લખેલા પત્રમાં જણાવે છે કે—

"સભાના ધર્મસ્નેહ બદલ અને **શ્રી વલ્લભદાસભાઇની** શ્રુતજ્ઞાન સેવા બદલ કૃતજ્ઞ અને આનંદી થયા છીએ."

---

**શેઠ મણિલાલ વનમાળીદાસ** બી. એ. કલકત્તાથી ( તા. ૨૩-૧-૫૦ ના પત્રમાં ) લખે છે કે સાહિત્યપ્રેમી, સેવાભાવી વલ્લભદાસભાઇ,

દમયંતીચરિત્ર, સુંદર બનેલ છે, ખુશી થયો છું. આપની ધગશ અને લાગણી માટે આભાર. આપ ખૂબ જ દીર્ઘાયુ ભોગવો અને શાસનસેવા વિપુલ પ્રમાણમાં આપતા રહો એવી શુભેચ્છા.

---

"**ભાવનગર સમાચાર**"ના માનનીય તંત્રી સાહેબ લખી જણાવે છે કે—

"સૌજન્ય, સુધાસાયર વલ્લભદાસભાઇ" ( તા. ૨૦-૧-૫૦ )

તમારા હાથે મિત્રોના સહકારવડે શ્રી જૈન આત્માનંદ સભાની અને તે દ્વારા જૈન સમાજ અને સાહિત્યની જે સેવા થઇ રહી છે તે કદાચ આપના લક્ષમાં નહિં ઉતરે પણ ભવિષ્યની પ્રજા જરૂર એનું મૂલ્ય આંકશે.

---

**॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥**

# શ્રી દ્વાદશારનયચક્ર ગ્રંથની પ્રેસકોપીની સમાપ્તિ અને બહુમાન.

**દેવાધિદેવ શ્રી ઋષભદેવ** ભગવાનના નિર્વાણકલ્યાણકની તિથિ સં. ૨૦૦૬ની પોષ વદિ ૧૩ યાને **મેરુત્રયોદશી** મારા જીવનમાં એક યાદગાર દિવસ તરીકે રહેશે. **બાલાપુરના** (જિલ્લા-આકોલા, વરાડ) બંને ભવ્ય જિનાલયોમાં મૂલનાયકરૂપે વિરાજમાન **શ્રી ગોડી પાર્શ્વનાથ** ભગવાન[1] તથા **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ** ભગવાનના સાન્નિધ્યમાં તથા

૧ **શ્રી ગોડી પાર્શ્વનાથ** ભગવાનનાં આ પ્રતિમાજી કેટલાંક વર્ષો પૂર્વે **બુરહાનપુરથી બાલાપુરમાં** લાવવામાં આવ્યાં હતાં. વર્તમાન જિનાલયમાં તેમની પ્રતિષ્ઠા સં. ૧૯૭૨ના વૈશાખ સુદ ૬ ને દિવસે સોમવારે સ્વ૦ શેઠ **શુકલાલભાઇ** હોશીલાલભાઇના હાથે થયેલી છે. મુનિરાજ શ્રી **શીલવિજયજી** મહારાજે પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એમ ચારે દિશાનાં તીર્થોની યાત્રા કરીને પ્રાસંગિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી ૪૨ માઈલ દૂર બિરાજમાન પ્રગટપ્રભાવી દેવાધિદેવ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની છત્રછાયામાં **બાલાપુર**માં રહીને તાર્કિકશિરોમણિ આચાર્ય ભગવાન **શ્રી મલ્લવાદક્ષમાશ્રમણ** વિરચિત દ્વાદશારનયચક્રમહાશાસ્ત્રની સંશોધિત પ્રેસકોપી તૈયાર કરવાના-લખવાના મહાન્ કાર્યની જે દિવસે સમાપ્ત થઈ તે દિવસને હું કેમ ભૂલી શકું ?

શ્રુતજ્ઞાનના અખંડ અને પરમ ઉપાસક પ્રખર સંશોધક સાહિત્યશિરોમણિ પુણ્યનામધેય પૂજ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજ સાહેબે સં. ૨૦૦૨ના કાર્તિક માસમાં હું **શાહપુર**માં (જીલ્લા–થાણા, સ્ટેશન–આસનગાંવ) હતો ત્યારે મને **નયચક્ર** ગ્રંથના સંશોધન–સંપાદનનું કાર્ય સોંપ્યું હતું. ચોમાસું પૂર્ણ થયે શાહપુરથી વિહાર કરી કેટલાક મહિના બાદ હું **પુના** આવ્યો ત્યારે પૂ૦ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે નયચક્રની એક હસ્તલિખિત પ્રાતઓ મારા ઉપર મોકલી આપી હતી. અને ત્યારે જ મેં નયચક્ર ગ્રંથનાં પ્રથમ દર્શન: કર્યાં હતાં. ગ્રંથોના શાસ્ત્રીય સંશોધન માટે લિપિનું અને તેના ઝીણામાં ઝીણા ફેરફારોનું શાસ્ત્રીય જ્ઞાન અતિ આવશ્યક છે. જ્યારે મને હસ્તલિખિત પ્રતિઓની લિપિનું જ્ઞાન નહીંવત જ હતું; પરંતુ પરમાત્માની કૃપાથી ધીમે ધીમે તેમાં પણ મને સફળતા મળી. વડોદરાના **ગાયકવાડ પ્રાચ્ય વિદ્યામંદિર**થી છપાયેલા કેટલાક ફર્માઓ કે જે તેના સંચાલક બિનોયતોષ ભટ્ટાચાર્યના સૌજન્યથી પૂજ્યશ્રી પુણ્યવિજય મ૦ સાહેબના પ્રયત્ને પ્રાપ્ત થયા હતા તેણે પણ લિપિજ્ઞાનમાં ઘણી સહાય કરી.

---

અનેક વર્ણનો સાથે તીર્થોની માહિતી આપતી એક **તીર્થમાલા** સં. ૧૭૪૬માં રચેલી છે કે જેમાં ઘણી જાણવા લાયક ઐતિહાસિક ભૌગોલિક વાતો છે. દક્ષિણ દેશમાં તેઓ સં. ૧૭૨૧થી સં. ૧૭૩૮ સુધી ફર્યા હતા. આ સંબંધી વર્ણનના પ્રારંભમાં શ્રી **શીલવિજયજી** મહારાજ લખે છે કે—

" નદી **નર્મદા** પેલી પારિ, આવ્યા દષ્ય(ખ્ખ)ણ દેશ મઝારિ।
**માનધાતા** તીરથ તિહાં સુણ્યું, શિવધર્મી તે માની ઘણું ॥ ૩ ॥
પાસ ષં( ખં )ડુઓ ષડગુણગામ, ષા( ખા )નદેશ કહિઇ સુખધામ।
**બુરહાનપુર** મંડણ જિનદેવ, **પાસ મનમોહન**ની કીજે સેવ ॥ ૪ ॥
**પાસ ચિંતામણિ** ને **મહાવીર**, **શાંતિનાથ નેમિજિન** ધીર।
સ્વામી **સુપાસ ગોડી** ગુણવંત, મહાજન મોટા તિહાં પુન્યવંત ॥ ૫ ॥ "

(શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગરથી પ્રકાશિત **પ્રાચીન તીર્થમાળા સંગ્રહ**, ભા. ૧લો. પૃ. ૧૧૩).

સંભવ છે કે, ઉપરની ૫, મી કડીમાં **બુરહાનપુર**ના જે **ગોડીપાર્શ્વનાથસ્વામી**નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જ પ્રતિમાજી **બાલાપુર**માં લાવવામાં આવ્યાં છે. બુરહાનપુરમાં જૈનોની વસ્તી ઘટી જવાથી ધીમે ધીમે ઘણાં પ્રતિમાજી બહારગામ અપાઇ ગયાં છે. અત્યારે પણ **ગોડીપાર્શ્વનાથના દહેરાસર** તરીકે ઓળખાતું એક મંદિર બુરહાનપુરમાં ખાલી જ પડેલું છે–શ્રી ગોડીપાર્શ્વનાથની પ્રતિમા વિનાનું જ છે. બાલાપુરના વૃદ્ધો આ પ્રતિમાજીનું માહાત્મ્ય વર્ણવે છે કે, જ્યારે આ પ્રતિમાજી બુરહાનપુરથી લાવવામાં આવ્યાં હતાં ત્યારે જે ઉપાડનાર માણસ હતો તેની ડોક વાંકી હતી તે પણ પ્રતિમાજીના પ્રભાવથી સીધી થઈ ગઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નયચક્ર**નું પરિશીલન કરતાં જ મને લાગ્યું કે નયચક્રનું મુદ્રણયોગ્ય લખાણ ( Press-Copy ) એકદમ તૈયાર કરવું અશક્ય છે; કારણ કે એક તો ભગવાન **શ્રી મલ્લવાદીજી** વિરચિત મૂલ છે જ નહીં, અને બીજું **શ્રી સિંહસૂરિગણિવાદિક્ષમાશ્રમણ**વિરચિત ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ નયચક્ર ટીકાની ઉપલબ્ધ પ્રત પણ અશુદ્ધિઓથી ભરેલી છે. એટલે પહેલાં તો બાર મહિના નયચક્રને સાદ્યંત વાંચી જ ગયો કે જેથી તેમાં કેવી રચનાશૈલી છે, કયા કયા દર્શનોનું કયા કયા ગ્રંથકારોનું તેમ જ કયા કયા ગ્રંથોનું ખંડન કરેલું છે એનો ખ્યાલ આવે. આ દૃષ્ટિથી જોતાં નયચક્રના સંશોધનમાં ઉપયોગી અમુક સામગ્રીની કલ્પના મને આવી અને તે અનુસારે તપાસ કરતાં મળી શકે તેટલી સામગ્રીનો સંચય કરવાનો મેં પ્રારંભ કર્યો.

**પુના** પછી સં. ૨૦૦૩નું મારું ચોમાસું **કોલ્હાપુર**માં થયું. કોલ્હાપુરમાં આખા ચોમાસા દરમ્યાન પણ જ્યારે મારું મન સંતુષ્ટ થાય તેવું કાર્ય ન થયું ત્યારે મારું મન સ્વાભાવિક રીતે જ ઉદાસ રહેવા લાગ્યું. ચોમાસું પૂર્ણ થયે ( સં. ૨૦૦૪માં ) મારે વિહાર કરી **નિપાણિ** જવાનું થયું. ત્યાં પોષ દશમીના **શ્રી પાર્શ્વનાથ ભગવાન** જન્મકલ્યાણક ઉપર મેં ત્રણ સામટાં આયંબિલ કર્યાં અને બરાબર તે જ દરમ્યાન મને એવી અણધારી પુસ્તક સામગ્રી મળી આવી કે જેથી મારું કાર્ય એકદમ સરળ થઇ ગયું.

ત્યાંથી અનુક્રમે **તલેગાંવ ઢમઢેરા** ( જીલ્લા-પુના ) અમારે આવવાનું થયું અને ચોમાસું પણ ત્યાં જ નક્કી થયું. ઉપાશ્રયની સામે જ જિનાલય છે, તેમાં અનુક્રમે ઉપર-નીચે વિરાજમાન શ્રી **સુપાર્શ્વનાથ** ભગવાન તથા શ્રી ચિંતામણિ **પાર્શ્વનાથ** ભગવાનની બરાબર કૃપાનજર નીચે મેં નયચક્રની પ્રેસ કોપીનો ચોમાસામાં પ્રારંભ કર્યો. ત્યાં પાંચ આરાની પ્રેસ કોપી પૂર્ણ થઇ કે જેમાં નયચક્રનો લગભગ અર્ધો ભાગ આવી જાય છે. ચાતુર્માસ પૂર્ણ થયે સં. ૨૦૦૫ના મહા શુદ ૬ ઠે ત્યાંથી વિહાર કરી અમે **શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથસ્વામી**ની યાત્રાએ આવ્યા. યાત્રા કર્યા બાદ ત્યાંથી બાલાપુર આવ્યા અને ત્યાં જ ચોમાસું રહ્યા.

**બાલાપુર**માં બે ભવ્ય જિનાલય છે. બંનેમાં મૂલનાયક રૂપે શ્રી **પાર્શ્વનાથ** ભગવાન વિરાજે છે. જિનાલયની પાસે બધી રીતે અનુકૂલ વિશાલ ઉપાશ્રય છે. સ્થાન શાંતિમય છે. બાકી રહેલી **નયચક્ર**ની પ્રેસ કોપીના કાર્યનો શ્રી **નેમિનાથ** ભગવાનના જન્મકલ્યાણક શ્રાવણ શુદ પંચમીના વિધિપૂર્વક મેં પ્રારંભ કર્યો. પરમાત્માની કૃપાથી મારું મન સંતુષ્ટ થાય તેવી રીતે સંશોધનનું, પાઠાંતરો નોંધવાનું, મૂળ તારવવાનું, તુલનાનું અને લખવાનું કાર્ય ચાલવા લાગ્યું. છેવટે અતિ ઉત્સાહથી હું જે કાર્ય સતત કરી રહ્યો હતો તેની સમાપ્તિ **શ્રી ઋષભદેવ** ભગવાનની નિર્વાણ કલ્યાણક તિથિ **મેરૂ તેરશે** જ બરાબર થઇ. આ મહાન કાર્યના સમાપ્તિની ખુશાલીમાં શાસ્ત્રીયવિધિનું સત્યાપન કરવા માટે તેમજ ઉજવણીરૂપે મહા-શુદ ૧ ના દિવસે[1] ભગવાનની પાલખીમાં ભગવાનની આગળ જ **નયચક્ર**ની મારી લખેલી પ્રેસ કોપી તથા હસ્તલિખિત પ્રાચીન પ્રતિ પધરાવીને ઠાઠમાઠથી વરઘોડો કાઢવામાં આવ્યો

૧ આ દિવસે મારી જન્મતિથિનો (વર્ષગાંઠ) પણ એક અણધાર્યો જ યોગ મળી આવ્યો હતો. વયનાં ૨૭ વર્ષ પૂરાં કરીને ૨૮મા વર્ષમાં મારો તે દિવસે પ્રવેશ હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. વરઘોડાને અંતે મારા પિતાશ્રી અને ગુરુદેવ પૂજ્ય મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મહારાજ સાહેબે ભગવાન મલ્લવાદીજીનું જીવનચરિત્ર, નયચક્રરચનાનું કારણ, તથા નયચક્રની રચનાપદ્ધતિ વગેરે ઉપર સંક્ષેપમાં સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનને અંતે સ્વર્ગસ્થ શેઠ લાલચંદ ખુશાલચંદનાં ધર્મપત્ની શ્રાવિકા સમરતબેન તરફથી શ્રીફળની પ્રભાવના તેમજ શેઠ સોનલાલ પોપટલાલ તરફથી બદામની પ્રભાવના કરવામાં આવી હતી. બપોરે ઠાઠમાઠથી શ્રી ગોડીપાર્શ્વનાથ જિનાલયમાં પૂજા ભણાવવામાં આવી હતી અને રાત્રે ભાવના પણ હતી.

આ રીતે નયચક્રના સંશોધનનો પ્રેસ કોપીનો મહત્ત્વનો તબક્કો સમાપ્ત થઇ ગયો છે. પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજયજી મહારાજ સાહેબ** પ્રાચીન ગ્રંથોની શોધને માટે હમણાં **જેસલમેર** પધાર્યા છે. તેઓશ્રીની નયચક્રનું સંશોધન-સંપાદન સુંદરમાં સુંદર થાય એ માટે સતત ચિંતા અને જાગરૂકતા અપૂર્વ છે, અદ્દ્ભુત છે. જેસલમેરમાં નયચક્રનું મૂળ શોધવાનો પણ સાથેસાથે ઉદ્દેશ છે જ. આપણે આશા રાખીએ કે જિનેશ્વરની કૃપાથી અને શાસનદેવની સહાયથી તેઓશ્રીને જેસલમેરથી યા બીજા કોઇ સ્થળેથી નયચક્રમૂલને પ્રાપ્ત કરવામાં સત્વર યશ મળો, પરંતુ અત્યારે તો એ જ્ઞાનિગમ્ય વાત છે.

નયચક્રના પ્રથમ અરમાં જ વિસ્તારથી બૌદ્ધચર્ચા આવે છે કે જેમાંનો ઘણોખરો ભાગ બૌદ્ધ ન્યાયના પિતા તરીકે ગણાતા (Father of the Buddhist Logic) (સંભવતઃ વિક્રમની ચોથી-પાંચમી સદીના) **દિઙ્નાગ**ના પ્રમાણસમુચ્ચયને જ અનુલક્ષીને મુખ્યતયા છે. સૌથી મોટા આગળ આવતા આઠમા અરની વિસ્તૃત બૌદ્ધચર્ચા પણ **પ્રમાણસમુચ્ચયને** જ ઉદ્દેશીને છે. આ પ્રમાણસમુચ્ચય અત્યારે સંસ્કૃતમાં નથી મળતો-નષ્ટ થઇ ગયો મનાય છે. માત્ર તેનું ટિબેટિઅન ભાષાંતર જ મળે છે. અત્યારે તો એવી ઇચ્છા છે કે, આ ટિબેટિઅન ભાષાંતર સાથે સરખાવ્યા પછી જ નયચક્ર પ્રેસમાં જાય તો ઠીક. ટિબેટિઅન ભાષાંતરો આ દેશમાં મળવાં મુશ્કેલ છે. એટલે ટિબેટમાં ભારત સરકાર તરફથી ઓફિસર તરીકે નીમાયેલા પુનાની ફર્ગ્યુસન કોલેજના પ્રોફેસર ડૉ૦ વાસુદેવ વિશ્વનાથ ગોખલે કે જે મારા જૂના પરિચિત છે તેમને આ મેળવી આપવા માટે મેં લખ્યું છે. તેમણે એક બૌદ્ધ **લામા**(સાધુ)દ્વારા આ ગ્રંથની એક કોપી છપાવીને મેળવવા પ્રબંધ કર્યો છે. હું હવે એ પુસ્તકોની રાહ જોઇ રહ્યો છું. એ પુસ્તકો આવતાં જ **નયચક્ર**ના તે સંબંધી ભાગો સરખાવીને પ્રેસમાં સત્વર મુદ્રણ માટે મોકલી આપવાની ઇચ્છા છે.

શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનના ચરણકમલમાં જ મેં તો મારો ગ્રંથ અર્પણ કરી દીધો છે. તેમની કૃપાથી જ મારું બધું કાર્ય અત્યાર સુધી નિર્વિઘ્ને પાર પડયું છે, અને મને **પરમ શ્રદ્ધા છે** કે-બાકીનું પણ કાર્ય એ જ **જિનરાજ પરમાત્માની કૃપાથી** સત્વર જ પાર પડશે અને વાચકોના કરકમલમાં શ્રી દ્વાદશાર **નયચક્ર** ગ્રંથ મુદ્રિત અને પ્રકાશિત થઇ શીઘ્રમેવ પહોંચી જશે.

| | |
|---|---|
| फाल्गुनशुक्लपंचमी, सं. २००६, | मुनिराजश्री भुवनविजयान्तेवासी, |
| मु० तिवासा (जि० उमरावती वराड). | मुनि जम्बूविजय । |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર ૧ નો ગ્રંથ તૈયાર થયેલ છે તે જૈન બુકસેલર પાસેથી આપના જોવામાં આવે તો તે એક જ ગ્રંથ ભેટ મંગાવવા અમારા સભ્યોએ તસ્દી લેવી નહિં કારણ કે ઉપરોક્ત ચાર ગ્રંથો કમ્પલીટ (તૈયાર) થયે મોકલતાં જેમ આપને (સભ્ય સાહેબોને) પોસ્ટના ખર્ચનો બચાવ થાય છે તેમ સભા વિશેષ પડતી મહેનત કે અગવડ વધે નહિં તેથી દરવર્ષની જેમ એક સાથે જ ઉપર જણાવેલા મુદ્દતે ચારે ગ્રંથો ભેટ મોકલવામાં આવશે.

---

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના.

આપને પુસ્તક ૪૮મા ( સં. ૨૦૦૬ ના શ્રાવણથી સં. ૨૦૦૭ ના અશાડ માસ એક વર્ષ )ની ભેટની બુક **શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ ૨** જો ( કિંમત બે રૂપીયાની ) આપવાનો નિર્ણય થયેલ છે, જે અશાડ માસમાં લવાજમ અને પોસ્ટેજ પૂરતા વી. પી.થી ભેટ મોકલવામાં આવશે. લવાજમ જેમનું આવેલ હશે તેમને પોસ્ટેજ પુરતા વી. પી.થી ભેટ મોકલીશું. આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને અત્યાર સુધી ભેટ આવેલા સુંદર ગ્રથોની નામાવલી આ ગ્રંથની પાછળના ભાગમાં આપેલ છે, જેથી નવા ગ્રાહકો થનારને માસિક સાથે કેવા સુંદર ગ્રંથો દરવર્ષે ભેટ અપાય છે તે જાણી જૈન બંધુઓને ગ્રાહક થવા સૂચના કરીએ છીએ.

---

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે ?
## સ્થિતિ સંપન્ન જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું:—

ગયા અંકોમાં જણાવ્યા પ્રમાણે ગયા ત્રણ વર્ષોમાં રૂા. ૪૫) ના પુસ્તકો જે ( આત્મકલ્યાણના ઇચ્છુકને તે રીતે,–આર્થિક લાભની દૃષ્ટિવાળાને તે રીતે ) દર વર્ષે પેટ્રન, તથા લાઇફ મેમ્બરોને પૂર્વાચાર્ય મહારાજકૃત મહાપુરૂષો અને શ્રી રત્નોના સચિત્ર સુંદર આકર્ષક મ્હોટા ગ્રંથોના ભેટનો લાભ પુષ્કળ રીતે આ સભા ઉદારતાથી આપે છે, જેથી જૈન બ્હેનો અને બંધુઓને ગુરૂ, જ્ઞાન, તીર્થ અને સાહિત્ય ભક્તિનો લાભ મળવા સાથે આત્મ કલ્યાણ અને આર્થિક લાભ બંને દૃષ્ટિએ લાભ મળતો હોવાથી સ્થિતિ સંપન્ન બ્હેનો અને બંધુઓએ આ સભામાં નવા લાઇફ મેમ્બર થઇ સુકૃતની લક્ષ્મીનો લ્હાવો લેવા જેવું છે, તે માટે વાંચો. ભેટ આપવાના ગ્રંથોની જાહેર ખબર નીચે મુજબ:—

---

# ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિકયદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭–૮–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો.

જનસમૂહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ (કથા સાહિત્ય)માંથી જુદી જુદી આદર્શ (જૈન સ્ત્રીરત્નો) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, આદર્શ સ્ત્રી,-ગૃહિણી અને પવિત્ર સ્ત્રીરત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબનરૂપ છે. દરેક સતી ચરિત્રોનું પઠનપાઠન કરતાં અનેકવિધ આદર્શો અનુપમરીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનનપૂર્વક વાંચવા નમ્ર સુચના છે. સુંદર ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું. (બંને ગ્રંથોના ફોર્મ ૩૭ પાના ૫૯૨ શુમારે)

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (કિંમત રૂા. ૧૩)

આ ગ્રંથ સં. ૨૦૦૫ ની સાલની ભેટ આપવાનો હતો તે અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલ છે, અને તે સાલમાં નવા થનારા લાઇફ મેમ્બરોને (પહેલા વર્ગનાને ભેટ આપવા માટે નકી કરેલ છેલ્લી મુદત સુધીમાં નવા થનાર સભ્યોને ભેટ આપવામાં આવેલ પણ છે.

હવે આ સં. ૨૦૦૬ ની સાલ ચાલતી હોવાથી આ સાલમાં ચાર ગ્રંથો ભેટ આપવાની જાહેર ખબર ઘણી વખત આપવામાં આવેલ છે, તેમજ આત્માનંદ પ્રકાશમાં આ સાલના વૈશાક માસ સુધીમાં નવા થનાર લાઈફ મેમ્બરોને પણ તે ચારે ગ્રંથો ભેટ આપવાની પણ સુચના અપાયેલ છે, છતાં આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર, સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી તે જ ગ્રંથ આ સાલ( હાલમાં) નવા લાઇફ મેમ્બર થવાની ઇચ્છાવાળા જૈન બંધુઓ અને બ્હેનો ગઇ સાલમાં જ ભેટ અપાયેલ ઉપરોક્ત ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, એ ધારાધોરણ પ્રમાણે અને સામાન્ય રીતે પણ આગલા વર્ષોની ભેટ અપાઇ શકે નહિં કારણ કે જ્ઞાનખાતાનો દોષ આપનાર લેનારને લાગે તેમ પણ છે; પરંતુ નવા થનાર લાઇફ મેમ્બરોની ગ્રંથની પ્રશંસા જાણીને-વાંચવા આત્મકલ્યાણ સાધવા ઘણા પત્રો પરથી તમન્ના જોવાઇ છે, જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે પછી નવા થનાર લાઇફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે.

આગલી કોઇપણ સાલમાં થયેલા લાઈફ મેમ્બરોને ભેટ અપાયેલાં કોઇપણ ગ્રંથ ભેટ માટેની માંગણી નવા થનારા સભ્યોને નહિં કરવા નમ્ર વિનંતિ છે.

બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને આ તથા તેનાં ધારા મુજબ આપવામાં આવશે.

---

**આવતી ૨૦૦૭ની સાલ માટે પેટ્રન સાહેબો તેમજ લાઇફ મેમ્બરોને નવા ગ્રંથો નીચે લખેલાં સચિત્ર જે છપાય છે તે ભેટ આપવામાં આવશે.**

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર.

૨ શ્રી દેવભદ્રાચાર્યરચિત શ્રી કથારત્નકોષ પ્રથમ ભાગ જેમાં (સમ્યકૃત્વનું વિસ્તૃત સ્વરૂપ દરેક બોલ ઉપર સુંદર કથાઓ સહિત.)

---

### યોજનામાં નવા સચિત્ર સાહિત્ય ગ્રંથો.

૧ શ્રી સુમતિનાથ ચરિત્ર શ્રી સોમપ્રભાચાર્યકૃત.

૨ શ્રી કથારત્નકોષ ભાગ ૨ બીજો શ્રી દેવભદ્રાચાર્યકૃત.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only